
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ : ૧૮, અંક : ૩ ] [ ક્રમાંક : ૨૦૭

તંત્રી : ચીમનલાલ ગોકળદાસ શાહ

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249



રાણકપુરના વિશાળ ધરણવિહારના બહારના ભાગનું સાંગોપાંગ દૃશ્ય

શ્રીયશોવિજય જૈન ગ્રંથમાળા–ભાવનગરના સૌજન્યથી


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

4665

# विषय-दर्शन


| ક્રમાંક : | લેખ : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|---|
| ૧. | કેટલીક જૈન અનુશ્રુતિઓ અને પુરાતત્ત્વ: | ડૉ મોતીચંદ્ર એમ. એ. પીએચ. ડી. | ૪૯ |
| ૨. | કેન્દ્રસ્થ સંસ્થા કેવી જોઈએ : | શ્રી. મોહનલાલ દી. ચોકસી : | ૫૦ |
| ३. | कतिपय आवश्यकीय संशोधन : | श्रीअगरचंजी नाहटा : | ५२ |
| ૪. | પતિતપાવન (નાટક) | શ્રી. જયભિખ્ખુ : | ૫૫ |
| ૫. | પાપ ને પુણ્ય : | શ્રી. વસંતલાલ કાંતિલાલ | ૬૪ |
| ૬. | સમરાઈચ્ચ કહા : | પૂ પં. શ્રીધુરંધર વિજયજી : | ૬૬ |
| ૭. | જીવનશોધનના સોપાન સંબંધી જૈન તેમજ અજૈન મંતવ્યો. | પ્રો. શ્રીહીરાલાલ ર. કાપડિયા. | ૬૮ |
| ८. | श्रीकुशललाभकृत संघपति सोमजी संघ चैत्यपरिपाटीका ऐतिहासिक सार | श्रीयुत भंवरलालजी नाहटा : | ७० |
| ૯. | સને ૧૯૫૧નો નેશનલ મોન્યુમેન્ટ્સ એક્ટ ૭૧. | | ટાઈટલ પેજ ત્રીજું : |
| ૧૦. | નવી મદદ | | ,, ,, બીજું : |

## નવી મદદ

૧૦૦) પૂ. આ. શ્રીવિજયવલ્લભસૂરિજી મ. ના ઉપદેશથી શ્રીદેવસૂર જૈન સંઘ-ગોડીજી જૈન ઉપાશ્રય, મુંબઈ.

૨૫) પૂ. પં. શ્રીદક્ષવિજયજી મ. ના ઉપદેશથી શ્રીસુમતિનાથ જૈન પેઢી, બીલીમોરા

૨૫) પૂ. મુ. શ્રીધર્મસાગરજી મ. ના. ઉપદેશથી શ્રીકોટ જૈન દેરાસરજીની પેઢી, મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| वर्ष : १८ | વિક્રમ સં. ૨૦૦૯ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૨ | क्रमांक |
|---|---|---|
| अंक : ३ | માગશર વદ ૧૩ : સોમવાર : ૧૫ ડીસેમ્બર | २०७ |

# કેટલીક જૈન અનુશ્રુતિઓ અને પુરાતત્ત્વ

લેખક :—ડૉ. મોતીચંદ્ર. એમ. એ. પીએચ. ડી.

## ૨. શ્રાવસ્તી

[ ગતાંકથી ચાલુ ]

જૈન સાહિત્યમાં કુણાલા અથવા શ્રાવસ્તીમાં પણ એક પૂર આવ્યાની અનુશ્રુતિ છે. 'આવશ્યક ચૂર્ણિ' ( પૃ૦ ૪૬૫, રતલામ, ૧૯૨૮ )માં એની કથા આ પ્રકારે આપેલી છે:

કુણાલમાં કુરુંટ અને ઉત્કુરુંટ નામના બે આચાર્યો નગરના નાળાના કિનારે રહેતા હતા. વર્ષાકાળમાં નાગરિકોએ તેમને ત્યાંથી નસાડી મૂક્યા. ક્રોધમાં આવીને કુરુંટે શ્રાપ આપ્યો : "હે દેવ ! કુણાલા ઉપર વરસો." એમ કહેતાં જ ઉત્કુરુંટે પણ કહ્યું : "પંદર દિવસ સુધી." કુરુંટે ફરીથી કહ્યું : "રાત અને દિવસ"—આવો શ્રાપ આપી બંને જણુ નગર છોડીને ચાલ્યા ગયા. પંદર દિવસ સુધી ઘનઘોર વરસાદ પડતો રહ્યો અને તેના ફળસ્વરૂપે કુણાલા નગરી અને આખું જનપદ વહી ગયું. "કુણાલાના પૂરના ૧૩ વર્ષ પછી મહાવીરસ્વામીને કેવળજ્ઞાન થયું." મુનિ કલ્યાણવિજયજીની ગણના અનુસાર ૪૩ વર્ષની અવસ્થામાં મહાવીર કેવળી થયા અને એ સમયે મહાત્મા બુદ્ધ ૬૫ વર્ષના હતા. ( કલ્યાણવિજય, વીરનિર્વાણસંવત ઔર જૈન કાળગણના, પૃ૦ ૪૩ ) લંકાની અનુશ્રુતિ અનુસાર બુદ્ધનું નિર્વાણ ૮૦ વર્ષની અવસ્થામાં ઈ. સ. પૂર્વ ૫૪૩–૪૪માં થયું અને એ માટે મહાવીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ઈ. સ. પૂર્વ ૫૫૮–૫૯માં થઈ. મહાવીરના કેવળજ્ઞાનના તેર વર્ષ અગાઉ એટલે ઈ. સ. પૂર્વ ૫૭૧–૭૨માં કુણાલનું પૂર આવ્યું. શ્રાવસ્તીના આ પૂરની નોંધ 'ધમ્મપદ–અટ્ઠકથા'માં પણ આવી છે. કહે છે કે અનાથપિંડિકના અઢાર કરોડ રૂપિયા અચિરાવતી (આધુનિક રાપ્તી )ના કિનારે દાટેલા હતા. નદીમાં એક વખત પૂર આવ્યું અને ખજાનો ઘસડાઈ ગયો. ( બરલિંગેમ, બુધ્ધિસ્ટ લિજેંડસ્, વા૦ ૨, પૃ૦ ૨૬૮ ) ખેદની વાત છે કે પ્રાચીન શ્રાવસ્તી ( આધુનિક સહેટ-મહેટ )ની શોધ–તપાસ ઉપર ઉપરથી જ થયેલી છે. ખોઈ ખોદીને સ્તરોની ખોજ હજી સુધી થઈ નથી. એ જાણવાની આપણુને ખૂબ ઉત્સુકતા છે કે, પાટલીપુત્રની માફક અહીં પણ પુરાતત્ત્વ એક પ્રાચીન શ્રુતિનું સમર્થન કરે છે કે નહીં. જો પુરાતત્ત્વથી અનુશ્રુતિ સાચી નીકળે તો આપણુને પ્રાગ્ મૌર્યકાલના એક સ્તરનો બરાબર પત્તો મળી જાય અને એ પુરાતત્ત્વવિદો માટે એક મહાન કાર્યની વાત ગણાશે. [ અપૂર્ણ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેન્દ્રસ્થ સંસ્થા કેવી જોઇએ

લેખક :—શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

ગયા અંકમાં જોયા પ્રમાણે, ભારતવર્ષના સકલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો તરફથી બોલી શકે, એના વારસાનો માલિકીહક્ક કરી શકે એવી સંસ્થાની ખાસ અગત્ય છે. હવે એ વાતમાં બેમત જેવું હોવા સંભવ નથી જ. આ માસિકમાં આવેલ અને 'જૈન' પત્રે તા. ૨૯-૧૧-૩૨ ના અંક ૨૫ માં જેનો ઉતારો લીધો છે એવા પંડિત લાલચંદ્ર ભ. ગાંધીના અકોટામાંથી મળેલી પ્રતિમાઓ સંબંધી લેખથી ખાતરી થઇ જાય તેમ છે કે સરકારી કાનુન મુજબ આ જાતની સર્વ પ્રાચીન સામગ્રી, જો રક્ષણ કરનાર ન હોય તો ખુદ સરકાર એનું રક્ષણ કરવાની જવાબદારી સ્વીકારે છે અને એ સર્વ પર પોતાનો હક્ક કાયદાથી લાદે છે. જૈન પત્રના એ જ અંકમાં 'શ્રવણ-બેલ્ગુલ'માં આવેલ શ્રી બાહુબળિજીની દિગંબર મૂર્તિ અંગે પણ એ જાતની સરકારી તૈયારીની વાત છે. વળી કલ્યાણચંદ કેશવલાલ ઝવેરીએ પણ વડોદરામાંની અકોટાવાળી ધાતુપ્રતિમાઓ સંબંધી ચર્ચા કરી કાયદા સંબંધી માહિતી આપી છે અને એ અંગે જૈન સંઘે અને શેઠ આણંદજી કલ્યાણજી કિંવા જૈન શ્વે૦ કોન્ફરન્સે જાગૃત થઈ કાયદો સુધરાવવા પોતાની મૂર્તિઓ હસ્તગત કરવા સૂચના કરી છે. 'કેન્દ્રસ્થ સંસ્થાની અગત્ય' નામક લેખ લખ્યો ત્યારે આ વાત મારા લક્ષમાં નહોતી. મેં તો કોન્ફરન્સના પ્રયાસ અંગે ભારતવર્ષના જુદા જુદા પ્રદેશમાં ફરવાનું બનતાં જે ચિત્ર મારી દૃષ્ટિ સન્મુખ ખડું થયું અને અગાઉ પાવાપુરી સંબંધી કાયદો આવેલ એ કારણે આ તટસ્થ માસિકમાં આ પ્રશ્ન હાથ ધર્યો. પણ હવે તો દિવા જેવું દેખાય છે કે આપણે પૂર્વજોના અણમૂલા-મૂર્તિ-દેવાલય કે સ્થાપત્ય સંબંધી અથવા તો જ્ઞાનભંડારમાંની અણમૂલી સાહિત્યસામગ્રી માટે સંરક્ષણનો પ્રબંધ નહીં કરીએ તો સરકાર કાયદાના બળે એ ઉપર હક ધરાવી, કબજો જરૂર લેશે. એ વેળા રક્ષણ તો થશે પણ એ પાછળ આપણો જે ભક્તિભાવ-એ માટે જે બહુમાન-આપણા અંતરમાં રમણ કરે છે તે જળવાશે કે કેમ એ જરૂર વિચારણીય છે. આવો વિખરાયેલો વારસો કેવો અણમૂલો-અને ઇતિહાસની નજરે અતિઅગત્યનો છે એ વાત જાણવી હોય તો ભારતીય જૈન સ્વયં-સેવક પરિષદ તરફથી પ્રગટ થતા 'સ્વયંસેવક' માસિકના અંકો જોવા ભલામણ છે. આપણા એ અંગેના દુર્લક્ષથી કેટલું ચાલ્યું ગયું છે, કેટલું બગડી રહ્યું છે, અને હજુયે નહીં ચેતીએ તો કેટલું હાથમાંથી સરી જશે એ ભિન્ન ભિન્ન અભ્યાસીઓના હાથે લખાયેલ લેખો વાંચ્યા વિના સમજાય તેમ નથી!

આજે વિચારવાનું એ જ છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી 'કેન્દ્રસ્થ સંસ્થા'ની ગરજ સારી શકે કે કેમ? જરૂર એ સંસ્થા મધ્યવર્તી બની શકે પણ એ માટે એને પોતાના ચાલુ બંધારણમાં કેટલાક ફેરફારો કરવા પડે. વળી, સારાયે ભારતવર્ષના વારસાના સંરક્ષણનો અતિમહત્ત્વનો પ્રશ્ન હોવાથી કાર્યાલય નમૂનેદાર બનાવવું જોઈએ, પ્રચલિત પ્રણાલિકામાં સુધારણા કરવી ઘટે અને એ અંગે થનારા મોટા ખરચને ધ્યાનમાં રાખી, આવકના માર્ગો પણ નિયત કરવા જોઈએ.

સાંભળવા પ્રમાણે જે બંધારણ છે એમાં ભારતના જુદા જુદા સંઘના પ્રતિનિધિઓની જનરલ કમિટિ છે છતાં એ વર્ષમાં માંડ એકવાર મળે છે! એનો અધિકાર સલાહ સૂચન પૂરતો જ છે! બાકી વહીવટનું તંત્ર અમદાવાદના સ્થાનિક પ્રતિનિધિઓ કે જેમની સંખ્યા આઠેકની છે તેમના હાથમાં જ હોય છે.

એ ખરું હોય કિંવા એમાં સમજફેર હોય, એ વાત મુદ્દાની નથી. અત્યાર સુધીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેઢીની કાર્યવાહીથી શ્રીશત્રુંજયાદિ તીર્થોનું અને અન્ય પ્રાચીન સ્થળોનું રક્ષણ થયું છે, જીર્ણોદ્ધાર થયા છે અને માલિકીહકમાં ખાસ હાનિ નથી પહોંચી એ જોતાં વહીવટદારોને ધન્યવાદ ઘટે. એમાં પણ શેઠ કસ્તુરભાઈ જેવા બાહોશ અને અનુભવી પ્રમુખે એ સંબંધમાં જે રસવૃત્તિ દાખવી છે અને પ્રસંગોપાત પોતાના ભાષણમાં સ્થાપત્ય-કળા પ્રાચીનતાના રક્ષણ અંગે જ શબ્દો ઉચ્ચાર્યા છે એ જોતાં સાચે જ પેઢીના સંચાલકો અથવા તો શેઠ સાહેબ પોતે પેઢીને મધ્યવર્તી સંસ્થામાં ફેરવવા ધારે તો ખાસ મુસ્કેલી ન જ પડે. આજે પણ ધાર્મિકતાના મુદ્દાથી ઊભા થતા સવાલો વેળા પેઢીને આગળ તો થવું જ પડે છે. વળી, શ્વે૦ કોન્ફરન્સે તો શેઠ આણંદજી કલ્યાણજીની કાર્યવાહીને ટેકો આપવાનો ઠરાવ કરેલો હોવાથી એ તીર્થો આદિના પ્રશ્નોમાં ખાસ અલગ વાડો રચે તેમ નથી જ. બાકી કાપરડાજીમાં સાંભળ્યું તે જો સાચું હોય તો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કાં તો આર્થિક કારણે કિંવા વ્યવસ્થાને પહોંચી ન શકતી હોય એ કારણે નવા વહીવટ સંભાળી લેવા તૈયાર નથી.

તીર્થોની વ્યવસ્થા અને રાણકપુર-કુંભારીઆજી આદિના જીર્ણોદ્ધાર જોતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ જ આવા વિષમ સમયમાં સકળ ભારતના મૂલ્યવાન વારસાના સંરક્ષણની જવાબદારી ઉપાડવા આગળ આવવું જોઈએ. એની પાસે શક્તિ-અનુભવ અને કાર્યકરો છે. કેટલાક જુદા વહીવટો છે અને એ સર્વ પેઢીની છત્રછાયામાં આવે એ સારુ બંધારણ સુધારણા ઇષ્ટ છે.

મોટાં શહેરોનું પ્રતિનિધિત્વ અને તે પણ જૈનોની વસતી, દેવાલયોની સંખ્યા અને તીર્થનું મહત્ત્વ ધ્યાનમાં રાખી નક્કી કરવું. એમાં શ્રીમંત ધીમંત અને સેવાભાવી વ્યક્તિઓનો યોગ મેળવવો. સભામાં હાજરી આપે અને જરૂર પડ્યે સમયનો ભોગ આપવામાં પીછેહઠ ન કરે તેવા સભ્યોની પસંદગી કરવી. પુરાતત્ત્વનિષ્ણાત કે પ્રાચીન શોધખોળના અભ્યાસીઓને—તેમજ સમયનો ભોગ આપી નિરીક્ષણ કરી શકે તેવા ભાઈઓને માનદ સભ્યો બનાવી વિસ્તૃત પ્રતિનિધિત્વધારી મધ્યસ્થ સંસ્થા સર્જવી. એમાંથી મહાસમિતિ અને કારોબારી સમિતિ રચવી એને કરવાનાં કાર્યોની મર્યાદા બાંધવી. એ માટેના બજેટની રચના કરવી. આ ઉપરાંત જુદા જુદા પ્રદેશના સંયોગો ધ્યાનમાં લઈ, રોજબરોજનો વહીવટ સંભાળી શકે તેવી સ્થાનિક સમિતિઓ નક્કી કરવી. અમુક રકમ સુધીનો ખર્ચ કરે તેવી એને સત્તા આપવી. રાજ્ય સાથેના પ્રશ્નો અંગે કારોબારીએ સીધી જવાબદારી રાખવી. દેવદ્રવ્ય કે જેનો ઉપયોગ જીર્ણોદ્ધારમાં જ કરવાનો હોય છે એ આજે જેમ મરજી માફક ખરચાય છે તેમ ન ખરચાતાં કમિટિ નક્કી કરે તે મુજબ અને નિયત કરેલી પદ્ધતિથી ખરચાય તેવો નિયમ કરવો. એમાં પણ નવા કરતાં જૂનાં અને ખાસ કરી ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્થાનોના રક્ષણ અર્થે વધુ ખરચાય તેવો પ્રબંધ કરવો. માયા વધારવા કરતાં પૂર્વજોની દીર્ઘદર્શિતા ધ્યાનમાં લઈ, કળા-કારીગરી અને સ્થાપત્યની જાળવણી પાછળ એનો વ્યય થાય તેમ કરવું. આ તો સામાન્ય રેખાંકન ગણાય. બાકી તો સકળ સંઘના આગેવાનો એકઠા થઈ, પૂર્વજોના મહામૂલા વારસાના સરંક્ષણ અર્થે જે જે અનુભવની વાતો રજુ કરે એ ધ્યાનમાં લઈ, આજે જેમ રાજશાસન-કેન્દ્રસ્થ સરકારના કાનુન પ્રમાણે સારાયે દેશનું તંત્ર ચલાવે છે તેમ ભગવંત શ્રીમહાવીરદેવનું શાસન અને એના પ્રચારના મુખ્ય અંગો સભા-મૂર્તિ અને આગમ અર્થાત્-તીર્થો-પ્રતિમાઓ અને જ્ઞાનભંડારો સુરક્ષિત રહી પોતાની પ્રભા વિસ્તારે તેવું તંત્ર રચવાનો સમય કમાડ ઠોકી રહ્યો છે. એ નાદ જેટલો જલ્દી સંભળાય અને અમલી બને એટલો આપણો ધર્મપ્રેમ જાગ્રત લેખાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कतिपय आवश्यकीय संशोधन

लेखक : श्रीयुत अगरचंदजी नाहटा

**ग्रन्थ** प्रकाशकों व संपादकोंकी असावधानी एवं अज्ञानताके कारण कभी कभी ग्रन्थके रचयिताके नाम एवं गच्छादिके सम्बन्धमें भी भद्दी भूलें हो जाती हैं जिनके अनुकरणमें अन्य लेखक भी उन्हें दुहराते हुए भूल परम्पराको बढ़ाते रहते हैं। अतः ऐसी भूलें जहाँ भी जिनके नजर आये उन पर संशोधनात्मक स्पष्टीकरण प्रकाशित कर देना आवश्यक होता है ताकि उनका संशोधन होकर भूलोंका उन्मूलन हो जाय। प्रस्तुत लेखमें ऐसी ही कतिपय भूलोंका संशोधन उपस्थित किया है। इनके कुछ प्रकाशित ग्रन्थोंकी अप्रकाशित रचना प्रशस्तियां 'अनेकांत' में पूर्व मैं प्रकाशित कर चूका हूं।

१. खरतरगच्छीय श्रीजिनकुशलसूरिके शिष्य महो० विजयप्रभजीका 'गौतम रास' जैन साहित्यमें सुललित प्राचीन काव्य एवं सुप्रसिद्ध ग्रन्थ है। पचासों ग्रन्थोंमें यह प्रकाशित हो चुका है। जैन धर्मप्रसारक सभासे सार्थ भी प्रकाशित हो चुका है। पर इसके रचयिताके संबंधमें अब भी कहीं कहीं भद्दी भूल नजर आती है। किसी प्रकाशकने उसे उदयवंत रचित लिख मारा है तो कइयोंने विजयभद्र रचित बतलाया है। पर यह निर्विवाद सिद्ध है कि इसके रचयिता उ० विनयप्रभ है। हस्तलिखित सैंकड़ों प्रतियाँ हमारे अवलोकनमें आई जिनमें "विनयपहु उवज्झाय थुणिजै" स्पष्ट पाठ है। इसकी रचना सं. १४१२में गौतम गणधरके केवलज्ञानके दिन खंभातमें हुई थी। बीकानेरके महिमा भक्तिभंडारमें इसकी सं. १४३० की लिखित प्रति प्राप्त है उसमें भी यही पाठ है। 'खरतरगच्छ पट्टावली' में भी इसके रचे जानेका सुस्पष्ट निर्देश पाया जाता है। पीछली कुछ प्रतियाँके लेखकोंकी भूलके परिणाम स्वरूप "विजयभद्र" नाम प्रसिद्धिमें आया है एवं प्रतकी एक गाथामें उदयवंत शब्द आता है। इसको कर्त्ताका सूचक मानकर कई व्यक्तियोंने उसे उदयवंत रचित घोषित कर दिया और आज तक वह भूल ज्यों की त्यों अनेक आवृत्तियाँ व ग्रन्थोंमें पाई जाती है जिसका संशोधन होना नितान्त आवश्यक है।

कई भूलें ग्रन्थमें रचयिताके अपने गच्छ एवं गुरुपरम्पराके निर्देश न करनेके कारण हो जाती है। सम नामवाले व्यक्तियोंमें ऐसा होना स्वाभाविक ही है जिसके कुछ उदाहरण यहाँ दिये जाते हैं—

जैन हठीसिंह सरस्वती सभा, अहमदाबादसे "षटद्रव्यनय विचारादि प्रकरण संग्रह" नामक ग्रन्थ छपे हैं। उनके पृ. १०९ में प्रीति छत्तीसी, सहजकीर्ति रचित छपी है जिसके अंतमें संपादक या प्रकाशकने "इतिश्रीमन्नागपुरीय बृहत्तपागच्छीय वाचकवर सहजकीर्ति

१ हाल ही में प्रकाशित हिन्दी जैन साहित्यका संक्षिप्त इतिहासके पृ. ६५ में भी इसकी पुनरावृत्ति की गई नजर आती है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुनिना कृतः स्वाध्यायः" लिखा है। पर इसकी समकालीन (१७ वीं) लिखित प्रति यहाँके भंडारोंमें उपलब्ध है जिसके अनुसार ये खरतरगच्छीय (हेमनंदनशि०) सिद्ध ही है। इसी प्रकार पृ. १२९ में मेघकुमार सज्झाय ख० श्रीसार रचित छपी है उसके अंतमें "इतिश्री वादीन्द्र श्रीपार्श्वचंद्रसूरीन्द्र विनेय श्रीसार मुनिराजेन कृतः स्वाध्यायः" लिखित दिया गया है। पता नहीं इसका आधार क्या है? इसी प्रकार पृ. २३४ में लक्ष्मीवल्लभ (जिनका नाम राजकवि भी था) की उपदेश बतीसी छपी है। उसके अंतमें "इतिश्रीमन्नागपुरीय तपागच्छाचार्यश्रीरामचंद्रसूरिकृता" लिखा गया है। पर इसको समकालीन प्रति हमारे संग्रहमें है जिससे इसके रचयिता राजकवि ख० लक्ष्मीवल्लभ उपा० ही होना सिद्ध होता है।

इसी प्रकार श्री वा. मो. शाह ने धर्मसिंह ख० धर्मवर्द्धनकी बावनीको स्था. धर्मसिंह रचित मान ली थी जिसका संशोधन हम अपने "वा. मो. शाहकी एक महत्त्वपूर्ण भूल" नामक पूर्व प्रकाशित लेखमें कर चुके हैं।

आनंद काव्य महोदधि मौक्तिक पृ. ४ के परिशिष्टमें निम्नोक्त कृतियें छपी है। उनके रचयिता वास्तवमें कविवर समयसुंदर हैं।

१. प्रसन्नचंद्र राजर्षि ग. ६ प्रसन्नचंद्र प्रणमुं तुमारे पाय,—रूपविजय
२. अरणक मुनि ग. १० अरणिक मुनिवर चाल गोचरी, „
३. मेघकुमार ग. ५ धारणी मनावे मेघकुमार, —प्रीतिविमल

साराभाई नवाबको हमने खर० रुघपति कविके चौवीशी सवैये प्रकाशनार्थ भेजे थे। आपने मेरे लिखे रुघपति शब्दको संघपति समझ कर ११५१ स्तवन मंजूषामें उन सवैयोंके रचयिताको संघपति लिख दिया है।

विद्यानंदविजयजी प्रयोजित सं. २००२ में प्र० श्री "प्राचीनछंद संग्रह" ग्रन्थ छपा है। उसमें नवकार छंदका कर्ता लाभकुशल रचित लिखा है पर वह खरतरगच्छीय कुशललाभकी रचना है एवं अंतमें देशांतरी छंद राजकविका (लक्ष्मीवल्लभरचित) छपा है उसका रचयिता विपास कवि लिखा है। ये दोनों भूलें असावधानीसे हुई है। देखिये, रचनामें नाम स्पष्ट है—

१. **कुशललाभ** वाचक कहे, एकचित आराधतां विविध रीत वंछित लहे ॥ १८॥
२. वर **लछीवलभ** सुतन पूरण प्रभु वैकुंठपूरी।
प्रणमेवी पास कवि **राज** एम स्तविमो छंद देशांतरी ॥ ४६ ॥

पहलेमें कुशललाभ वे ऊलटा नाम समझ कर लाभकुशल लिख दिया है, दूसरेमें 'पणमवि पास'को संधि छेदकी गलतीसे भूल हुई है।

जैन सत्य प्रकाश वर्ष १४ अंक ७ में प्रकाशित पार्श्वस्तोत्रको जयशेखरसूरि रचित लिखा गया है पर जैन स्तोत्र संदोह भा. २ पृ. के अनुसार उसके रचयिता लक्ष्मीसागरसूरि हैं।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जैन स्तोत्र संग्रहके प्रथम भाग परिशिष्टमें श्वे. जैन स्तोत्रोंकी सूची दी गई है उसमें "महानन्द महानन्द" आद्यापदसे प्रारंभ होनेवाली चैत्यपरिपाटी स्तवन (श्लो. ४१)को विनयविजयजी रचित बतलाया गया है। पर वास्तवमें वह खरतरगच्छीय श्रीजिनकुशलसूरिके शिष्य गौतमरासके रचयिता उपाध्याय विनयप्रभकी रचित है। यहाँके महिमा भक्ति भंडारमें सं. १४३० की लिखित स्तोत्र संग्रहकी प्रतिमें इसका स्पष्ट उल्लेख है, अंतके 'विनय' शब्दसे मुनि चतुरविजयजीने विनयविजयजी रचित होनेका अनुमान किया प्रतीत होता है जो सही नहीं है। मुनिश्रीके सूचनानुसार वह जैन स्तोत्र संग्रहके द्वितीय भागमें प्रकाशित होनेवाली थी पर उसमें पार्श्वप्रभु सम्बन्धी स्तोत्रादिके आधिक्यतावश वह दी नहीं जा सकी, प्रतीत होता है।

जैन सत्य प्रकाशके वर्ष ७ अंक १२ एवं वर्ष १२ पृ. ९६ में "समरवि सरसति हंसला गामिणी" आद्य पदवाली २५ गाथाकी शत्रुंजय चैत्यपरिपाटी प्रकाशित हुई है। स्थानीय आचार्यशाखाके भंडारमें प्राप्त (३ पत्र) सं. १६६८ की प्रतिके अनुसार इस चैत्यपरिपाटी विवाहलोके रचयिता महोपाध्याय "विजयतिलक" हैं जिनके रचित शत्रुंजय –दंडग विचार गर्भित स्तवन बहुत प्रसिद्ध है। वे उ० विनयप्रभके शिष्य व जिनकुशलसूरिके प्रशिष्य थे। चैत्यपरिपाटीके अंतमें कर्त्ताने अपना नाम सूचक द्व्यर्थक "विजयवंता" शब्दका प्रयोग किया है। प्राप्त प्रतिमें "कृत विजयतिलकमहोपाध्यायैः" स्पष्ट लिखा है।

[ અનુસંધાન પૃષ્ઠ : ૬૯ થી ચાલુ ]

| | અવિકાસ–કાળ | વિકાસ–કાળ |
|---|---|---|
| જૈન દર્શન | પહેલાં ત્રણ ગુણસ્થાનો | ગુણસ્થાન ૪–૧૪ |
| આજીવિક દર્શન | પહેલી ત્રણ સ્થિતિ | સ્થિતિ ૪—૮ |
| યોગ દર્શન | પહેલી ત્રણ ભૂમિકા | ભૂમિકા ૪—૫ |
| યોગ વાસિષ્ઠ | સાત અજ્ઞાન ભૂમિકા | સાત જ્ઞાન ભૂમિકા |
| બૌદ્ધ દર્શન | પહેલી બે સ્થિતિ | સ્થિતિ ૩—૬ |

વિકાસ–કાળ પછીનો કાળ ને આ સમસ્ત દર્શનો પ્રમાણે યોગ–કાળ છે. એ મેળવવા કરેકોઈ ભાગ્યશાળી થાઓ. એટલી અભિલાષા વ્યક્ત કરતો હું આ લેખ પૂર્ણ કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પતિતપાવન

## [ એક નાટક ] લેખક : શ્રી. જયભિખ્ખુ

[ ગત મહાવીર જયંતી પ્રસંગે 'ઓલ ઈન્ડિયા રેડિયો અમદાવાદ'ની માગણી પરથી શ્રી. જયભિખ્ખુએ આ નાની નાટિકા આમ સમુદાયને લક્ષમાં રાખીને લખી હતી. થોડા સુધારા વધારા સાથે એ અહીં આપવામાં આવે છે.

—સંપાદક ]

(૧)

[ મગધના પાટનગર રાજગૃહીમાં શ્રમણ ભગવાન મહાવીરનો જન્મદિન ( વર્ષગાંઠ ) ઉજવાય છે. 'માણસ માત્ર સમાન—ન કોઈ ઊંચ ન કોઈ નીચ : શાસ્ત્ર, સ્વાધ્યાય, સંયમ ને તપ : ન એમાં સ્ત્રી-પુરુષનો ભેદ, ન રંક-રાયનો ભેદ, પાળે એનો ધર્મ, કરે એનું તપ! જન્મનું મહત્ત્વ નહિ, કર્મની વડાઈ!' એ ભાવનાનો મહિમા ગવાય છે! આ ભાવના સામે સ્થાપિત હિતોવાળી ઊંચ કોમનો પ્રતિકાર તો છે પણ નીચ કોમે પણ એમાં નન્નો ભણ્યો છે. એમણે એમાં કાવતરું જાણ્યું છે. એવા સંઘર્ષના દિવસો વીતે છે છતાં વાતાવરણમાં આનંદના સૂરો છે. સ્ત્રીઓ ગીત ગાય છે: ]

**ગીત :** 'અનુપમ આજે રે, ઓચ્છવ છે મહાવીર મંદિરે રે!
'ચાલો જોવા જઈએ હેતે હળીમળી આજ રે. અનુ૦

**[ સાખી ]**

ત્રિશલા કુંખે અવતર્યા રે, મહાવીરનો અવતાર,
સિદ્ધારથકુલ નંદનો એ, વર્ત્યો જયજયકાર;
થાળ ભરી ભરી મોતીડે વધાવતી રે, છપ્પન કુંવરી સજી શણગાર,
ઊભી આરસ-પારસમણિ ચોકમાં રે! અનુપમ આજે૦

[ એકાએક બુંગિયો વાગે છે. આકાશ ભેદતો કોલાહલ થાય છે.]

[ ધુમિલ સંધ્યા, રાજગૃહીના બહારનો એકાંત ભાગ. કોઈ રડ્યું ખડ્યું જા-આવ કરે છે. એ વેળા કાળો, બિહામણો, દાઢું બાંધેલો એક આકાર જોરથી નાસતો જતો જોવાય છે. એના માંસલ પગો પૃથ્વીને જાણે દાબીને રહ્યા છે! એનું મસ્તક આકાશને થોભ દઈ રહ્યું છે! હાથમાં રત્નની થેલી છે, બીજામાં અર્ધચંદ્રાકાર કૃપાણ છે. અડધી બંડી માથે વાળ પર લાલ ફટકો, કેડે સુતરની રસ્સી, પગમાં કડું: મોટી મોટી આંખો! ]

**૧લો નાગરિક :** ચોર, ચોર, ડાકુ, ડાકુ, પકડો, પકડો!
**૨જો ,, :** નાસો, નાસો. મગધનું પાટનગર લૂંટારા રોહિણેયને હાથે લૂંટાયું.
**૩જો ,, :** અરે, નગરશેઠની હવેલી ચકલીના માળાની જેમ ચુંથાઈ.
**૪થો ,, :** અરે, રાજના ભંડારો રોળાઈ ગયા.
**૫મો ,, :** પકડો, પકડો, મુલક આખાના ચોર રોહિણેયને.

[ શંખ ફુંકાય છે. ઘોડાના દાબડા બોલે છે. ]

**૧લો નાગરિક :** બીશો મા. એ આવ્યા મગધના મહામંત્રી અભયકુમાર, અરે! મગધના મહારથીઓ આજે એ ચોર રોહિણેયને પકડવાની પ્રતિજ્ઞા કરીને નીકળ્યા છે. એ હવે આકાશ-પાતાળ એક કરશે. સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો! મગધના મહારથીઓને મારે મર્યે જ છુટકો છે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨જો નાગરિક : અરે, આજ શ્રમણ ભગવાન મહાવીરની વર્ષગાંઠ ને આ અશાંતિ! એ પાપાત્મા રોહિણેયને સજા થવી ઘટે.

૩જો નાગરિક : મંત્રીરાજ! મારી મૂકો તમારાં ઘોડાં. નહિ તો તમારી તો ઠીક પણ આખા મગધની આબરૂ પાણીમાં ગઈ સમજો.

[ ફરી શંખ ફુંકાય છે. ઘોડાના ડાબડા પાસે સંભળાય છે. મહામંત્રી ઘોડા પર છે. એ ઘોડાના જીન પર અરધા ઊભા થઈ બોલે છે. ]

મહામંત્રી : બહાદુર સૈનિકો! પાપાત્મા રોહિણેયના પાપનો ઘડો આજ છલકાઈ ગયો. લગાવો તમારા ઘોડાને એડ! એ નાસ્યો જાય લૂંટારો રોહિણેય! ચંદ્રમાથી ડરેલી સસલી ક્યાં જઈને સંતાશે?

૧લો સૈનિક : શું વેષ કર્યો છે, મારે બેટે! માથે મુગટ, હાથમાં રાજદંડ, કેડે કસબી શેલું.

૨જો સૈનિક : એ તો કહે છે, કે શહેરના રાજા મહારાજા બિંબિસાર શ્રેણિક ને વનનો રાજા હું રોહિણેય. આખી વનપલ્લી એને મહારાજા જેવું જ માન આપે છે!

મહામંત્રી : બહાદુર સૈનિકો! વાતો કર્યે વડાં નહિ થાય. આજ જીભ ચલાવવાનું કામ નથી. હાથ ને હૈયું ચલાવવાનો સમય છે. રોહિણેયને જેર કર્યા સિવાય ઘોડેથી ન ઊતરવાની મારી પ્રતિજ્ઞા છે! આ પાર કે પેલે પાર! એક લૂંટારાએ આખા મગધની લાજ લીધી છે!

સૈનિક : મંત્રીરાજ! મંત્રીરાજ! જુઓ, લૂંટારાઓ પેલા ત્રિભેટા પાસે બે ભાગમાં વહેંચાઈ ગયા. પેલો હરણની જેમ વાડ છલાંગીને નાઠો, એ જ લૂંટારો રોહિણેય!

[ ઘોડાઓ ઊપડી જવાનો અવાજ ધીરે ધીરે શાન્ત થઈ જાય છે. દૃશ્ય બદલાય છે, જંગલ દેખાય છે. એકાએક વનને ભરી દેતું અટ્ટહાસ્ય સંભળાય છે. ]

રોહિણેય : હા, હા, હા. હું રોહિણેય. વનપલ્લીનો બેતાજ બાદશાહ રોહિણેય! મગધની સેના તો બાપડી શું, યમની સેના પણ એક વાર તો રોહિણેયને પકડી ન શકે. આ ઘોડીએ હરણીનું દૂધ પીધું છે, ને રોહિણેય નમાયો હતો, એટલે સિંહણનું દૂધ ધાવ્યો છે. હા, હા, હા, એક છલાંગે હું વાડ ટપી શક્યો, ને મગધના મહારથીઓ બિચારા મોં ફાડીને જોઈ રહ્યા. હા, હા, હા.

મુગટ : મહારાજ!

રોહિણેય : કોણ?

મુગટ : એ તો હું. આપનો વફાદાર સેવક મુગટ. મહારાજ, આટલા જોરથી ન હસો. શત્રુઓના ઘોડાના દાબલા નજીકમાં જ ગાજે છે.

રોહિણેય : આજ ન હસું તો, મુગટ, કહે, ક્યારે હસું? જીવનભરની આકાંક્ષા આજ વ્યાજ સાથે પૂરી કરી. ધોળે દિવસે મગધનું પાટનગર રાજગૃહી લૂંટ્યું. મગધના મહારથીઓને ટકાના કરી નાખ્યા. રોહિણેયનો ડંકો ચારે દિશામાં વાગી ગયો. આજ કર્તવ્ય પૂરું થયું. અરમાન પૂરાં થયાં. મુગટ! હવે જીવન કે મૃત્યુ મારે મન બંને સરખાં બની ગયાં. આજ તો મરતાં ય મોજ આવે. યમ ખુદ આવે તો ય હેતથી છાતીએ લગાવી દઉં! રોહિણેય અજર-અમર થઈ ગયો, મુગટ!

મુગટ : મહારાજ, અતિ હર્ષમાં પાગલ ન બનો, પરિસ્થિતિને પારખો, શત્રુના ઘોડાની ડમરી ચઢી રહી છે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રોહિણેય** : નાનપણમાં પહાડોનાં શિખર પર ને ગિરિકંદરાઓમાં ખૂબ સાતતાળી રમેલા. મોટપણે મર્દોને રમવાની આ સાતતાળી. રોહિણેયને મૃત્યુભય ? છિ ! છિ ! મુગટ, જોતો નથી આજે એક કાંકરે કેટલાં પક્ષી માર્યાં ? આપણને અછૂત કહીને તિરસ્કારનાર ઊજળી કોમને મારી-લૂટી. આપણને ભાઈ-ભાઈ કહીને ભોળવીને પડખે લઈ પેટમાં પાળી મારનાર શ્રમણ મહાવીરનો જન્મદિન ઊજવવા ન દીધો, ને મહામંત્રી અભયકુમારની મૂછનો વળ ઉતારી દીધો. મુગટ, કહે, આજ ન હસું તો ક્યારે હસું ? હસવા જેવો વખત હવે આવે કે ન પણ આવે !

**મુગટ** : ઓ મહારાજ ! પરિસ્થિતિથી બેપરવા ન બનો. ઘોડાની તબડાટી સંભળાય છે.

**રોહિણેય** : મુગટ, પ્રિય સાથી ! આજ તું અધીરો અધીરો કાં થઈ જા. એક મરણીઓ સોને ભારે, એ કહેવત ભૂલી ગયો કે શું ? લૂંટારો કદી સામે મોંએ ઝડપાયો છે ? આપણે તો ખડિયામાં ખાંપણ લઇને નીકળ્યા છીએ, ને આ બિચારા તો પગાર ખાવા નીકળ્યા છે !

**મુગટ** : મહારાજ ! આપને પગે પડું : નાસી છૂટો. ખાવામાં જેટલી બહાદુરી છે, એટલી જ પચાવવામાં પણ છે ! આપ પકડાશો, તો આપણા વિજય પર કાલિમા ચઢશે, ને આખી વનપલ્લી વિધવા બની જશે. ઓ આવ્યા !

**રોહિણેય** : મુગટ ! તને તારા સ્વામીના પરાક્રમમાં શંકા છે ! લે આ ઘોડી ! શત્રુને ભેટ કરજે ને કહેજે કે જો ક્ષત્રિયાણીને ધાવ્યા હો, તો ઓ જાય રોહિણેય પગપાળો. ઘોડે ચડીને પણ પકડી પાડો ! મુગટ, વિદાય !

[જવાનો ધબધબ અવાજ. ઘોડા પાછળ દોડયા જવાનો અવાજ ! પંખીના મીઠા ટહુકાર.]

**રોહિણેય** : શાબાશ રોહિણેય ! રોહિણેય પોતે પોતાની જાતને શાબાશી આપે એવો આ પ્રસંગ છે ! આજ તને મગધનો મહામંત્રી અભયકુમાર તો શું, ખુદ યમરાજ પણ પહોંચી શકે તેમ નથી. આવે વખતે તો મારા પગે પાંખો ફુટે છે ! અરે ! પણ શૂળો સામે તો નગરનાં માણસોએ ઠીક, પણ વનનાં ઝાડવાંયે પણ પ્રપંચજાળ બિછાવી છે, નહિ તો આ ભયંકર બાવળની શૂળ આજ આવે ટાણે મારા પગમાં કેમ ભોંકાય ! રે ! બાવળની આ તીક્ષ્ણ શૂળ કેવી આરપાર નીકળી ગઈ છે ! શરીરનું કેટલું લોહી એ નીક વાટે વહી ગયું છે ! પણ હું કોણ ? રોહિણેય ! એક વાર આખી દુનિયા સામે બાકરી બાંધું તો આ શૂળ બાપડી શું કરવાની હતી ! હાશ, હવે અહીં શાન્તિ છે. લાવ કાંટો કાઢી લઉં !

[કાંટો કાઢે છે, કાઢતી વખતના દુઃખના સીસકારા થાય છે ત્યાં સુંદર વાણી સંભળાય છે !]

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमस्संति, जस्स धम्मे सया मणो ॥

**રોહિણેય** : હાશ. અહીં શાન્તિ લાગે છે ! રથ પડયા છે. ઘોડા ઊભા છે. વાહનનો પાર નથી. પણ માનવી કોઈ નથી માણસને ડર હોય તો માત્ર માણસનો. લાવ, કાંટો કાઢી પાટો બાંધી લઉં. વાતાવરણ પણ સૌમ્ય લાગે છે ! માર માર કરતી હવામાં કંઈ સ્નેહના અશ્રાવ્ય સૂરો ગૂંજે છે.

[પડદામાંથી અવાજો આવે છે ! એક મેઘના નિર્ઘોષ જેવો અવાજ કાન પર પડે છે.]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોહિણેય : અરે, વગડામાં પાવો વાતા રબારીની વાંસળી કરતાં પણ આ મીઠો સૂર કોનો સંભળાય છે! (સાંભળી રહે છે.)

રોહિણેય : હાશ. માનો ખોળો તો જોયો નથી! પણ જાણે મા હાલરડાં ગાઈને દુઃખી બાળકને સાંત્વન આપતી હોય એવી વાણી લાગે છે. વાણી સંભળાય છે. સાકર–શેરડીના સ્વાદ ફિક્કા લાગે તેવી, વેરના બંધ ઢીલા કરી નાખે તેવી વાણી સંભળાય છે: ફરી ફરીને સ્મરવા જેવી વાણી સંભળાય છે.

'સર્વ જીવનમાં માનવજીવન ઉત્તમ!'
'માણસ માત્ર સમાન, ન કોઈ ઊંચો ન કોઈ નીચો!
'કર્મે બ્રાહ્મણ, કર્મે ક્ષત્રિય, કર્મે વૈશ્ય, કર્મે શૂદ્ર!
'ત્યાગ ને તપશ્ચર્યા, પ્રાયશ્ચિત્ત ને પ્રેમ, જીવનનાં અમૃત છે.
'એ અમૃત જે પામ્યો તે ઊંચ, શ્રેષ્ઠ, અધિકારી!
'આ અમૃત પામવા માટે તો દેવો પણ પૃથ્વીલોક પર અવતાર ઇચ્છે છે!
'માણસાઈ મુક્તિનું પ્રવેશદ્વાર છે.
'દેવભૂમિ તો સંઘરેલી મૂડી ખર્ચવાની–ખર્ચીને ખુટાડવાની જગા છે!'
'ત્યાં દેવોની દેહને જેમ પડછાયો હોતો નથી તેમ પ્રતિકર્મ પણ હોતું નથી!'

રોહિણેય : અરે! કોઈ સાધુની વાણી! અને એની પાછળ આવ્યા એ શબ્દો ..શ્રમણ મહાવીરના! રોહિણેય! બંધ કર, તારા પગમાં વાગેલો કાંટો કાઢવાનું કામ! ભીડી દે બે હાથ બે કાન ઉપર. બાપની મોતસજ્જા પાસે તેં શપથ લીધા છે, શ્રમણ મહાવીરની વાણી ન સાંભળવાના. બીજા તો શૂદ્રોનો ચોખ્ખો તિરસ્કાર કરે છે, એ ખુલ્લા શત્રુઓ છે શૂદ્રોના. એમની સાથેનો હિસાબ સહેલાઈથી સમજી લેવાશે. પણ શ્રમણ મહાવીરે તો શૂદ્રોને પ્રેમ કરીને એમનો કાંટો કાઢી નાખવાની તરકીબ રચી છે! પગની શૂળ નીકળે કે ન નીકળે, પણ એ શબ્દો સાંભળીને હૃદયશૂળ ઊભું કરવાનું રોહિણેયને નહિ પોસાય! બે હાથે બે કાન દાબીને ચાલ્યો જાઉં!

(ઘોડાના દાબલાનો અવાજ. સૈનિકોના હોંકારા)

રોહિણેય : અરે! શું શત્રુઓ આવી પહોંચ્યા! મગધના મહામંત્રીએ મારું પગેરું પકડી પાડ્યું? અરે! પગમાંથી નીકળેલા લોહીએ જ એમને મારો પંથ બતાવ્યો. હવે ઝડપથી નાસી છૂટવું જોઈએ. પણ રે! કાંટો કાઢ્યા વગર ઝડપ શક્ય નથી! અને ઝડપ ન કરું, ને કેદ પકડાઉં તો મારા વિજય પર પાણી ફરી જાય!

(એક ક્ષણ શાન્તિ)

રોહિણેય : રે જીવ! અત્યારે વિચાર કરવાનો સમય નથી. કાઢ કાંટો. ભલે મહાવીરની વાણી સંભળાય. સાંભળવાથી કંઈ નુકસાન નથી, અંતરમાં ધારણ કરે તો જ પ્રતિજ્ઞા તૂટે! આ કાનેથી સાંભળીને પેલે કાને કાઢી નાખજે.

[ કાંટો કાઢીને રવાના થાય છે, થોડી વારે મહામંત્રી આવે છે. ]

મહામંત્રી : ઘાયલ ચોર અહીંથી પણ નાસી છૂટ્યો છે. ફિકર નહિ. ચંદ્રમાથી નાસેલી સસલી ક્યાં જઈને રહેશે? સૈનિકો! ઉપાડો અશ્વ! ઘેરી લો આખી વનપલ્લી!

[ ઘોડાં ઉપડી જવાના અવાજ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૨ ]

[ ઢોલકનો ને ઘૂંઘરુનો અવાજ ]

વનવાસીઓ : જય હો મહારાજ રોહિણેયનો! વાહ વાહ, ખૂબ ગાઓ, ખૂબ ખાઓ, ખૂબ બજાવો, ખૂબ નાચો! મહારાજ રોહિણેયે ત્રણુ લોકમાં ડંકો દીધો. જગતભરમાં આપણી નામના કરી. શૂદ્રો, અંત્યજો, તમામ પછાત કોમો આજ હર્ષઘેલી બની ઉત્સવ ઊજવી રહી છે! કૂદી કૂદીને પ્રતિજ્ઞા લઈ રહી છે, કે ઊજળી કોમ ઉપર ગમે તે રીતે વેર વસૂલ કરીશું. હો, હો, ગાઓ, બજાઓ, નાચો!

ગીત : 'કાંટો લાગ્યો રે દેવરિયા! મોસે ગેલ ચલ્યો ના જાય.'

મુગટ : અરે! આ તો વર વગરની જાન! મહારાજ રોહિણેય ક્યાં છે?

બધા : હો, હો, જાઓ બધા. મહારાજ રોહિણેયને શોધો! કોઈ ડુંગરની ખીણમાં, કોઈ પરવતની ગુફામાં, કોઈ વનસુંદરીની ગોદમાં, જ્યાં હોય ત્યાંથી મહારાજને શોધો!

એક જણ: અરે ભઈલા મુગટ! આ બેઠા પથ્થર પર મહારાજ રોહિણેય!

મુગટ : પણ આ શું? સૂરજ કાં ઠંડો પડી ગયો? આગ કાં શીતળ બની ગઈ? મહારાજનું મોં કેમ પડી ગયું? અરે! જુઓ તો ખરા! એમની આંખમાં આંસુ છે! સદા ઊંચું રહેતું મસ્તક નીચું ઢળી ગયું છે! વારે વારે નિઃશ્વાસ કાં નાખ્યા કરે? ચાલો, એમની પાસે જઈએ! હર્ષના ટાણે આટલો શોક કાં?

મુગટ : જય હો મહારાજ રોહિણેયનો! આપની નામના ત્રણુ લોકમાં પ્રસરી ગઈ! સંસારની માતાઓ દેવ-દેવીઓને વિનંતી કરે છે, કે દીકરા દેજો તો રોહિણેય જેવા! કુંવારી કન્યાઓ વ્રત રાખી બેઠી છે, કે વર મળો તો આવા મળજો! ને આપ આમ કેમ સૂનમૂન!

રોહિણેય : ખોટી ખુશામદ ન કરો. આજ રોહિણેયના વિજય પર કલંકકાલિમા લાગી ગઈ! પ્રતિજ્ઞાભ્રષ્ટ માણસના જીવનની કીંમત શી?

મુગટ : સ્વામી શું કહે છે, તે અમારાથી કંઈ સમજાતું નથી!

રોહિણેય : મારા વહાલા સાથીઓ! તમારાથી કોઈ પાપ મેં છુપાવ્યું નથી, ને છુપાવીશ પણ નહિ. મરતાં પિતાજીના મોંમાં ગંગાજળ મૂકીને મેં પ્રતિજ્ઞા કરી હતી, કે શૂદ્રોને જુદા રાખીશ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને દીઠા ન મૂકીશ, લૂંટીશ, મારીશ, પણ-એકતાની વાતો કરનાર શ્રમણ મહાવીરની વાણીને કદી નહિ સાંભળું. આજ એ વાણી મારાથી નિરુપાયે સંભળાઈ ગઈ. અરે! એ કરતાં શત્રુની તલવારની ધારે મારા કટકા કાં ન થયા? અપથ્ય જેમ મીઠું લાગે, એમ એ વાણી મને મીઠી લાગી. રે! એ વેળા મારા કાનમાં ધગધગતું સીસું કાં ન રેડાયું! હવે હું કોઈને શું મોં બતાવીશ?

મુગટ : મહારાજ! પ્રતિજ્ઞાના મર્મને વિચારો. વાણી સાંભળવાની ના નહોતી, સાંભળીને અંતરમાં ઉતારવાની મના હતી. એ વાણીને વીસરી જાઓ એટલે પત્યું! સાપ મર્યો ખરો, પણ લાકડી ભાંગી નહિ!

રોહિણેય : મેં પણ એમજ માન્યું હતું, પણ શ્રમણ મહાવીર તો કોઈ જાદુગર છે. એના શબ્દોમાં તીરની તીક્ષ્ણતા ને મંત્રનો પ્રભાવ છે! એની વાણી, જેને વીસરી જવા મથતો હતો, એ તો અંતરમાં વજ્રલેપ બનીને બેઠી છે! કેવા એ શબ્દો! હજી ય ગુંજારવ કરી રહ્યા છે:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સર્વ જીવનમાં માનવજીવન ઉત્તમ!'
'માણસ માત્ર સમાન, ન કોઈ ઊંચો, ન કોઈ નીચો!
'કર્મે બ્રાહ્મણ, કર્મે ક્ષત્રિય, કર્મે વૈશ્ય, કર્મે શૂદ્ર!

મુગટ! માંકડા જેવા મારા કમજોર મન પર ખુદ મને ચીડ ચડે છે. આજ હું મહામંત્રી જેવા મહામંત્રી પાસે ન હાર્યો, પણ એ માંકડા મન પાસે હારી ગયો. જેનો શબ્દે શબ્દ ભુલવા ઇચ્છતો હતો, એનું વાક્યે વાક્ય વજ્રલેપ બનીને [ યાદદાસ્તમાં ] કોતરાઇ ગયું છે! કેવાં એ વાક્યો—મીઠાં મધ જેવાં! એ કહે :

'ત્યાગ ને તપશ્ચર્યા, પ્રાયશ્ચિત્ત ને પ્રેમ, જીવનનાં અમૃત છે.
'એ અમૃત જે પામ્યો તે ઊંચ, શ્રેષ્ઠ, અધિકારી!
'આ અમૃત પામવા માટે તો દેવો પણ પૃથ્વી લોક પર અવતાર ઇચ્છે છે!
'માણસાઈ મુક્તિનું પ્રવેશદ્વાર છે.
'દેવભૂમિ તો સંઘરેલી મૂડી ખર્ચવાની—ખર્ચીને ખુટાડવાની જગા છે!'
'ત્યાં દેવોના દેહને જેમ પડછાયો હોતો નથી, તેમ પ્રતિકર્મ પણ હોતું નથી!'

મુગટ! આ શબ્દો ભૂલ્યા ભુલાતા નથી. કહે શું કરું? પાણીમાં ડૂબી મરું, આગમાં બળી મરું કે પહાડ પરથી ઝંપાપાત કરું?

[ તતૂડીનો અવાજ થાય છે. અવાજ આવે છે, એક ઘાયલ વનવાસી ધસમસતો આવે છે. ]

વનવાસી : નાસો, નાસો, મહારાજ! આખી વનપલ્લી ઘેરી લેવામાં આવી છે. મગધના સૈનિકોએ ચારે તરફ આગ ચાંપી દીધી છે. મગધના મહામંત્રી અભયકુમાર પગલે પગલું દબાવતા આવી રહ્યા છે!

રોહિણેય : ઓહ! મુગટ જોયું ને! ધરણ ટાણે સાપ તે આનું નામ! અપશુકન થયાં. આંખે અંધારાં આવે છે! ઓહ! પગમાં વહેતું લોહી હજી બંધ થયું નથી. પણ તેથી શું? લાવો મારી તલવાર! રોહિણેયની યુદ્ધછટા ભલે મગધવાસીઓ જુએ.

મુગટ : મહારાજ! લો આ ઢાલ ને લો આ તલવાર!

રોહિણેય : લાવો તલવાર. ઢાલ નહિ જોઇએ. પ્રતિજ્ઞાભ્રષ્ટ રોહિણેયને પોતાનો બચાવ કરવાનો કોઈ હક્ક નથી! ઓહ! અંધારાં ઘેરાય છે! રોહિણેયને જે પોતાની જાત પર અભિમાન હતું, એ વજ્રસમી જાત આજ દગો દેતી લાગે છે!

મુગટ : ભાગો, ભાગો. સૈનિકો આવી પહોંચ્યા. રોહિણેય મહારાજ લથડિયાં ખાઈ રહ્યા છે. ઉઠાવી લો તેમને કાંધ પર, ને નાસી છૂટો! જીવતો નર ભદ્રા પામે. [ ભડાકા ]

મહામંત્રી : ખબરદાર! મલકના ચોરટાઓ! આગળ એક ડગલું ભર્યું તો જીવના જશો. સૈનિકો! આખરે મહેનત ફળી, એકેએક લૂંટારાઓને મુશ્કેટાટ બાંધી લો!

[ ૩ ]

[ બે રાજદાસી—મનોરમે તથા મદનિકે—મદનિકે ગણગણે છે એક ગીત. ]

ગીત : 'સિદ્ધાચળ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો છે,
જાણે દરિસણ અમૃત પીવો રે, આદીશ્વર અલબેલો છે.'

મનોરમે : અલી એ અલબેલી! આમ તો આવ! એક હસવા જેવા સમાચાર કહું! હું તો સાંભળીને હસીહસીને બેવડ વળી ગઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મદનિકે : અલી મનોરમે ! છે શું ? વાતમાં કંઈ માલ નહિ હોય ને મોણુ નાખતી હશે ઝાઝું !

મનોરમે : અરે ! એક માણસે હજાર માણસને મૂર્ખ બનાવ્યા. બીજું તો ઠીક, બુદ્ધિના ભંડાર મહામાત્ય અભયકુમારને પણ બનાવ્યા. કાચંડો રંગ બદલે એમ એ ચોર રંગ બદલી ગયો.

મદનિકે : વાત વિગતથી બોલ !

મનોરમે : કાલે સમાચાર આવ્યા હતા, કે લૂંટારા રોહિણેયને જેર કરીને, મુશ્કેટાટ બાંધીને મહામંત્રી અભયકુમાર આવ્યા છે. સવારે નગરપ્રવેશ છે! નગરપ્રવેશ વખતે આખી પાટનગરી ટોળે વળી. આગળ ઊંચા હાથી પર મહામંત્રી બેઠા હતા, ને પાછળ સાંકળથી બાંધેલો રોહિણેય ઘસડાતો ચાલતો હતો. અરે સખી! જેના નામથી મર્દોનાં કાળજાં ધકધક થતાં ને રોતાં બાળક છાનાં રહી જતાં, એ ભયંકર લૂંટારાને નીરખવાની સહુને તાલાવેલી હતી. પણ ત્યાં તો એક અજબ આશ્ચર્ય બન્યું. પ્રચંડ લૂંટારાને બદલે ત્યાં એક ખેડૂત કણબી જેવો માણસ જોવા મળ્યો. માણસ તે કેવો? હોઠ લબડતા, લાળ ટપકતી, પગ વળેલા, હાથ ઠૂંઠા ને આંખ ફાંગી! સહુ અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે મહામંત્રી 'આલાને બદલે માલા' ને પકડી લાવ્યા લાગે છે! પણ મોટાના મોં ઉપર કોણ કહે?

મદનિકે : કોઈક તો કહેનાર હશે જ!

મનોરમે : બીજું કોણ હોય? ખુદ મગધના મહારાજા બિંબિસાર શ્રેણિક પોતે. તેમણે સાફ સાફ કહી દીધું કે આ રોહિણેય ન હોય. કોઈ ભળતો માણસ તમને ભેટી ગયો, ને રોહિણેય હાથતાળી આપી નાસી ગયો. મહામંત્રીએ કહ્યું કે: 'ના એ જ છે–' ત્યારે મહારાજાએ કહ્યું કે 'પુરાવા રજુ કરો, ખાતરી કરી આપો. એ વિના એને હું નહીં દંડું. મગધના ન્યાયને કલંકિત નહિ કરું. ભલે સો ગુનેગાર છૂટી જાય, એક બિનગુનેગારને મરવા નહિ દઉં.'

મદનિકે : અલી મીઠી મધ જેવી મનોરમે! થઈ ને તારી વાત પૂરી? હું પણ તારી પાસે એ વાતના અનુસંધાનમાં જ આવી છું.

મનોરમે : તો બોલતી કેમ નથી? મીંઢી! તારા મોંમાં મગ ભર્યા છે! શું વાત છે, બોલ!

મદનિકે : મહામંત્રીએ 'આડે લાકડે આડો વેહ' પાડવાનો નિર્ણય કર્યો છે! રોહિણેય ભલે બળ અને કળમાં ઉસ્તાદ હોય તો, આપણા મહામંત્રી કયાં ઓછા ઊતરે એવા છે? એમણે ભૂલભુલામણી રચી છે. એમાં સ્વર્ગની રચના કરી છે. મારે ને તારે અપ્સરાઓનો વેશ ભજવવાનો છે. વૈદરાજે રોહિણેયને ઘેન આપ્યું છે. એ ઘેન ઊતરે એટલે આપણે એક નાટક ભજવી બતાવવાનું છે! મગધરાજ અને મહામંત્રી પડદા પાછળ ઊભા રહેશે. જેવું કામ બજાવશું તેવું ઈનામ મળશે ચાલ, સુંદર વસ્ત્રાલંકાર સજી લે, બીજી પણ સખીઓ આવે છે! સહુ નૃત્ય ને સંગીત કરતી ચાલો.

[ નૂપુરઝંકાર, વાદ્ય ]

મદનિકે : સાવધાન! જો રોહિણેય ઘેનમાંથી જાગે છે!

[ રોહિણેય જોરથી બગાસું ખાય છે. આશ્ચર્યથી ચારે તરફ જોઈ રહે છે. સુંદર ખંડ છે. નીચે કાલી, રૂપેરી દિવાલો પર સોનેરી કોતરણી, હીરામાણેકનાં પાંજરાં, ચંદનનો પલંગ, મખમલી તળાઈ, પાસે મોતીજડિત સુરાહીમાં આસવ, ને સામે અપ્સરાઓ અર્ધનગ્ન વેશે પાસે બેઠી છે.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોહિણેય : અરે ! હું ક્યાં છું ?

મદનિકે : આપ સ્વર્ગમાં છો, સ્વામી.

રોહિણેય : (સ્વગત) સ્વર્ગમાં ? હું સ્વર્ગમાં ? અથવા મારા જેવા માણસો જ સ્વર્ગના સાચા હકદાર માનવીઓ છે? સ્વર્ગમાં પણ અંધેરી નગરીનો ન્યાય ચાલતો લાગે છે! પણ એ તો લાગે એવા દેવા. (પ્રકાશમાં) અરે સુંદરીઓ! મને સ્વર્ગ......

મનોરમે : કાં સ્વામી, તમને શા કાજે સ્વર્ગ નહિ? તમે નબળાને નહોતા સતાવતા, ખરું ને?

રોહિણેય : મારવો તો મીર, ફકીરને મારવામાં શો સ્વાદ?

મદનિકે : તમે સ્ત્રીની ઈજ્જત કરતા, ખરું ને?

રોહિણેય : જરૂર સ્ત્રી તો માતાની જાત કહેવાય.

મનોરમે : તમે ગરીબ-ગુરબાને દાન કરતા ખરું ને?

રોહિણેય : જરૂર. જેની પાસે વધુ હતું એનું ઓછું કરી, જેની પાસે ઓછું હતું એને આપતો.

મદનિકે : જુઓ ત્યારે, નબળાને પીડે નહિ, સ્ત્રીને સતાવે નહિ, ગરીબોને દાન કરે, એને સ્વર્ગ મળે, એવી સ્વર્ગના અમારા અધિરાજની આજ્ઞા છે.

રોહિણેય : અહીં હું કોણ છું ?

મનોરમે : આપ સ્વર્ગના દેવ છો.

રોહિણેય : અને તમે કોણ છો ?

મદનિકે : અમે આપની આજ્ઞાંકિત દેવાંગનાઓ છીએ. અમને આપની પાસે બેસવા દો!

[ અપ્સરાઓ ખોળામાં બેસવા આવે છે. ]

રોહિણેય : અરે, તલવારની ધાર કરતાં ય તીક્ષ્ણ તમારો સ્પર્શ છે! વારુ, સુંદરીઓ! દેવાંગનાઓ પણ અર્ધનગ્ન? પૃથ્વીની જેમ કાપડની ખેંચ તમને પણ પડી કે શું?

મનોરમે : ના, આ તો શોખ છે! અહીંની દેવાંગનાઓ પોતાનાં સુંદર લાલિત્યભર્યાં અંગોને આચ્છાદન ઈચ્છતી નથી!

રોહિણેય : વાહ, કોઈ શોખથી અર્ધનગ્ન રહે, કોઇ જરૂરિયાત પૂરી ન થયે! અજબ તારી દુનિયા, અજબ તારો ખેલ!

[ રોહિણેય ઊંડો નિઃશ્વાસ નાખે છે. ]

મદનિકે : સ્વામી! આ સુખની દુનિયા છે, અહીં નિઃશ્વાસ કેવા! આવો આ મખમલના ઓશીકે બેસો!

રોહિણેય : અમારા નસીબમાં તો પથ્થરનાં ઓશીકાં ને માટીનો ખોળો! તમારો સ્પર્શ પણ અમારાથી ન સહેવાય. પરસ્ત્રી માતસમાન

મનોરમે : સ્ત્રીના કોઈ સુંદર અંગ પર કદી કાવ્ય કર્યું છે?

રોહિણેય : હું કવિ નથી, વાતોનાં વડાં મને ભાવતાં નથી! એ ઘેલાઓની દુનિયાનો મને લેશ પણ પરિચય નથી.

મદનિકે : સુંદર કહ્યું સ્વામી! વારુ, લો આ મધુરસ, ને ઘડીભર અમારું નૃત્ય નીરખો!

[ નૃત્ય-દાંડિયારું રાસ જેવું વાતાવરણ થાય છે. ]

રોહિણેય : કેવી દુનિયા! કેવું નૃત્ય! શું રૂપવતી સ્ત્રીઓ! અરે, પણ આવા સુંદર સમયે શ્રમણ મહાવીરની વાણી કાં યાદ આવે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સર્વ જીવનમાં માનવજીવન ઉત્તમ! ત્યાગ ને તપશ્ચર્યા, પ્રાયશ્ચિત્ત ને પ્રેમ જીવનનાં અમૃત છે! એ અમૃત પામવા દેવો પણ માનવનો ભવ ઇચ્છે છે!'

રોહિણેય : ઓહ રોહિણેય! આ સુખદ પળોમાં એ યાદ તો વીસરી જા! સ્વર્ગમાં પણ આ વિડંબના! રે! ભૂંડી અવળચંડી તારી યાદશક્તિ!

[ માથા પર હાથ પછાડે છે. ]

રો૦ : અરેરે! મસ્તક તોડી નાખે, મગજમાં વજ્રલેપ થયેલા એ સ્વરો જતા નથી. એ સ્વરો......મનુષ્ય માત્ર સમાન, ન કોઈ ઊંચ–ન કોઈ નીચ. કર્મે બ્રાહ્મણ, કર્મે ક્ષત્રિય, કર્મે વૈશ્ય, કર્મે શૂદ્ર. જન્મનું કોઈ મહત્ત્વ નહિ, સાધનાની સિદ્ધિ. દેવ પણ મનુષ્ય-જન્મ ઇચ્છે. માનવતા મુક્તિનું દ્વાર. દેવોની દેહને માનવદેહની જેમ પડછાયો હોતો નથી.

[ રોહિણેય અટકે છે! દેવોની દેહને પડછાયો હોતો નથી, એમ બે-ચારવાર બોલે છે. ]

રો૦ : શું કહ્યું'તું શ્રમણ મહાવીરે? દેવોની દેહને પડછાયો હોતો નથી અને આ દેવાંગનાઓના તો પડછાયાઓ પડે છે.

રો૦ : શું આ સ્વર્ગ જૂઠું? ના, ના. ભલે જૂઠું હોય તોય મીઠું! ના, ના, મહામંત્રી અભયકુમાર બુદ્ધિનો ભંડાર છે. મને ફસાવવા માટે એણે આ સ્વર્ગ ક્યાં રચ્યું ન હોય? શ્રમણ મહાવીર માટે બીજું ગમે તે કહીએ, એ અસત્ય ન વદે. ચેતી જા, રોહિણેય! નહિ તો સંસાર તને બુધ્ધુ કહેશે! તારી જીત હારમાં પલટાઈ જશે.

[ ગીત પૂરું થાય છે. મદનિકા આવે છે. ]

મદનિકે : કાં સ્વામી! ગીત કેવું રસાળ?

રોહિણેય : અતિ રસાળ!

મનોરમે : સ્વામી, ચાલો અમારી સાથે વિહાર કરવા. પણ હાં, હજી એક વિધિ બાકી છે. પૃથ્વીલોકના પુણ્યાત્મા! તમે તમારું પૃથ્વીલોકનું નામ–ઠામ ને ધંધો વગેરે અમને કહો.

રોહિણેય : હો. હો. હજીય નામની જંજાળ બાકી રહી છે? નામ તે બીજું શું? (થોડીવાર અટકીને) મારું નામ શંબલ. ધંધે કણબી, કોઠીએ કાણાં, કોથળીએ ન મળે નાણાં. બાર છોકરાં ને બે બૈરાં. બે વીઘાં જમીન ગીરો. બે વીઘાં પડતર ને એક વીઘો ખેડેલો!

[ મગધરાજ બિંબિસાર આવે છે. તાળી બજાવે છે. ]

મગધરાજ : સુંદરીઓ, તમારું નાટક પૂરું કરો.

[ સુંદરીઓ વિદાય લે છે. ]

મગધરાજ : ( રોહિણેયની પીઠ થાબડીને ) નવજવાન! મગધનું સિંહાસન તને મુક્ત કરે છે. મગધનો ન્યાય, શંકાનો લાભ તને આપે છે. તું છૂટો છે. તારી મરજી પડે ત્યાં ચાલ્યો જા!

રોહિણેય : જાઉં, પણ મારા પગ ઊપડતા નથી.

મગધરાજ : શા માટે?

રોહિણેય : જેના એક વાક્યે મને બચાવ્યો, એની શરણમાં. હું જીવનદ્રોહી છું. સત્યદ્રોહી છું — સમાજદ્રોહી છું. મને ભલા થઈને શ્રમણભગવાન મહાવીરની વાટ બતાવશો? મારા પરમ ઉપકારીનો પંથ બતાવશો? હું જાહેર રીતે કહું છું: 'માણસ માત્ર સમાન. કર્મ જ માણસને ઊંચ–નીચ બનાવે છે. શૂદ્રો વેરનો પંથ છોડી દે, દ્વિજો તિરસ્કારનો ભાવ મૂકી દે. પ્રેમપંથ એ જ સાચો પંથ છે! નમો તિત્થયસ્સ! જાઉં છું, વેરનો પંથ છોડી પ્રેમપંથનો જોગી બનવા જાઉં છું!'

[ રોહિણેય ચાલ્યો જાય છે. એનો કદાવર દેહ ધીરે ધીરે ક્ષિતિજમાં મળી જાય છે. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાપ ને પુણ્ય

લેખક :—શ્રીયુત વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ બી. એ.

તત્ત્વાર્થસૂત્રમાં આવે છે—**कायवाङ्मनःकर्मयोगः । स आस्रवः । शुभः पुण्यस्य । अशुभः पापस्य ।** એટલે મન વાણી ને કર્મની ક્રિયા તે યોગ છે, તે આશ્રવ છે, શુભ મન વાણી ને કર્મની ક્રિયાથી પુણ્ય બંધાય છે. અશુભ મન વાણી ને કર્મની ક્રિયાથી પાપ બંધાય છે. પણ આ યોગ શુભ છે કે અશુભ તેનો નિર્ણય કેવી રીતે કરવો ? જે ક્રિયા પાછળ શુભ હેતુ હોય તે યોગ શુભ. જેની પાછળ અશુભ હેતુ તે યોગ અશુભ. ખરી રીતે તો આ શુભ યોગ તે જ પુણ્ય છે ને અશુભ યોગ તે જ પાપ છે.

માનવી ધાર્મિક બને છે ત્યારે પદાર્થોને ઓળખવાની નવી દૃષ્ટિ તે મેળવે છે. તે વસ્તુ સુંદર છે કે અસુંદર, સુખકારક છે કે દુઃખકારક, પ્રિય છે કે અપ્રિય તે દૃષ્ટિએ નથી વિચારતો. તે તો જુવે છે કે વસ્તુ પુણ્યમય છે કે પાપમય. પાપમય એટલે વિકાસવિરોધક. પુણ્યમય એટલે વિકાસસાધક. પુણ્ય–પાપનો ખરો આ જ અર્થ છે. કપિલવસ્તુના સિદ્ધાર્થ-કુમારને જ્યારે રાજસેવકોએ વધામણી આપી કે તેને ત્યાં પુત્ર અવતર્યો છે ત્યારે સિદ્ધાર્થ નિઃશ્વાસ નાખી બોલી ઊઠ્યા કે મારે એક વધુ બંધન તોડવું પડશે. સિદ્ધાર્થ માટે તો પુત્રજન્મ પણ બંધનરૂપ– વિકાસરોધક ને પાપરૂપ હતો. આનું નામ ધાર્મિક વિચારણા. ગ્રીક ફિલસુફ ડાયોજીનીસને લોકોએ ભવ્ય ને વિરાટ પ્રદર્શન જોવા આમંત્ર્યો. આખું પ્રદર્શન જોઈ રહ્યા પછી અભિપ્રાય માગતા લોકો સમક્ષ ડાયોજીનીસ બોલ્યો કે—“ આજ સુધી મને ખબર નહોતી કે દુનિયામાં ડાયોજીનીસ માટે તદ્દન નકામી એવી આટલી બધી વસ્તુઓ છે.” તદ્દન નકામી એટલે જીવનસાધનમાં પ્રતિકૂળ વસ્તુઓ. જીવનસાધનમાં પ્રતિકૂળ એટલે પાપરૂપ. ડાયોજીનીસ માટે આખું પ્રદર્શન પાપરૂપ હતું. ચૌલાદેવી ભીમદેવ બાણાવળીના પાટણની મહારાણી બની છતાંય તેને તે રાજપાટ પાપરૂપ લાગ્યું અને તે તો સોમનાથના મંદિરની નર્તકી જ બનવાનું પસંદ કરી રહી. ચૌલાદેવીને મહારાણીની વિલાસસમૃદ્ધિ મહાદેવભક્તિમાં વિઘ્નરૂપ લાગી તેથી રાજપાટ તેને માટે પાપરૂપ બન્યાં. ધ્યેયસિદ્ધિમાં જે કાંઈ પ્રતિરોધક તત્ત્વો હોય તે પાપરૂપ છે એમ મહાસત્ત્વો સમજે છે. ક્ષિતિમોહનસેને ‘ તંત્રની સાધના ’ નામની પુસ્તિકા લખી છે તેમાં કુલાર્ણવતંત્ર, ગંધર્વતંત્ર વિ. તંત્રોમાંથી સુંદર વિચારો મૂક્યા છે. તેમાં એક વાક્ય એવું છે કે—“ સત્યનું દર્શન થાય પછી સ્ત્રીઓ પણ પુણ્યરૂપ બને છે.” શું સ્ત્રી પુણ્યરૂપ કોઈ પણ માટે બની શકે ખરી ? જ્યારે સત્યનું દર્શન થયું છે પછી પુરુષ કે સ્ત્રીરૂપે નહીં પણ સર્વસામાન્ય આત્મારૂપે જ બધાને જોવાય છે. વિકાસયાત્રામાં સહભાગી તરીકે સ્ત્રીના આત્માને જોવાય છે. એ વચન બહુ સાચું લાગતું નથી, છતાં સ્ત્રી પણ પુણ્યરૂપ બની શકે છે. ગૃહસ્થ જીવનમાં સ્વપત્ની એ પુણ્યરૂપ છે. સાધુજીવનમાં સ્વપત્ની પણ પાપરૂપ છે. જેમ ચાલવાનું શીખતા બાળક માટે ચાલણગાડી પુણ્યરૂપ છે, તેમ ગૃહસ્થ માટે સ્વપત્ની પુણ્યરૂપ છે તેના વિકાસમાં સહાયક છે.

પણ આજે આપણે પુણ્ય–પાપના બહુ સંકુચિત અર્થ લઈ લીધા છે. ગાયના શીંગડાં વચ્ચે પંપાળવામાં પુણ્ય છે. કોઈ કહેશે પંખી માટે ઠીકરામાં પાણી ભરી રાખવામાં પુણ્ય છે. કોઈ કહેશે ફાનસની ચીમની પર ચઢતા મંકોડા ઉતારવામાં પુણ્ય છે. આવી નાની વાતોમાં આપણે પાપપુણ્ય કલ્પી લીધું પણ જીવનના આધારભૂત વિશાળ પ્રશ્નોને આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપપુણ્યની ચર્ચાથી પર રાખ્યા છે. ધંધાની લેવડદેવડમાં કે નોકરો સાથેની વર્તણૂંકમાં કે એવા હજારો–નાના મોટા પ્રશ્નોમાં આપણે પુણ્ય ને પાપની વાતોમાં મૌન જ સેવ્યું છે. ધાર્મિક દૃષ્ટિએ તેમજ વ્યવહારિક દૃષ્ટિએ પણ સ્વીકાર્ય એવી પાપ–પુણ્યની વ્યાખ્યા લેવી હોય તો તુલસીદાસે લખેલ કડી ઉપયોગની થઈ પડશેઃ—

"પરપીડા સમ અઘ નહીં ભાઈ;
પરહિત સમાન ધરમ નહીં ભાઈ!"

**અર્થ** :—પારકાને પીડા કરવા જેવું પાપ નથી. પારકાનું હિત કરવા જેવું કોઈ પુણ્ય નથી. આ છે તુલસીદાસની પાપ-પુણ્યની વ્યાખ્યા. આત્મવિકાસની ખૂબ ઊંચી ભૂમિકા પર આ વ્યાખ્યા સાંકડી પડે છે. ત્યાં તો સ્વદ્રવ્યગુણપર્યાય પુણ્યરૂપ છે, પરદ્રવ્યગુણપર્યાય પાપરૂપ છે. જેવી રીતે આપણે પાપ–પુણ્યને જીવનના અગત્યના પ્રશ્નોથી વેગળા રાખી નુકસાન કર્યું છે તેવી રીતે પાપ-પુણ્યને વધુ પડતું મહત્ત્વ આપીને પણ નુકસાન કર્યું છે. પાપનો ડર સારો છે પણ વધુ પડતો ડર તે નુકસાનકારક છે. પુણ્યનો લોભ સારો છે પણ વધુ પડતો લોભ એ ખરાબ છે. આપણું ધાર્મિક હૃદય પાપના ડર ને પુણ્યના લોભના બે રોગોથી સડી ગયું છે. આપણી સર્વ ક્રિયાઓ પાછળ કાંતો પાપનો ડર હશે ને કાંતો પુણ્યનો લોભ હશે–ધ્યેયનું આકર્ષણ હોવું જોઈએ તે નહીં હોય. આનું નામ આધ્યાત્મિક શૂન્યતા. અરબસ્તાનની સ્ત્રી–સંત રાબિયા જેમ આપણે પ્રાર્થવું જોઈએ કે–"હે પ્રભુ નરકના ડરથી મેં તમને પૂજ્યા હોય તો નરક જ મારી ગતિ થાવ. ને સ્વર્ગના લોભથી પૂજ્યા હોય તો સ્વર્ગ મારે હરામ છે. મારે તો તું પોતે જ પૂરતો છે." આપણી સર્વ ધાર્મિક ક્રિયાઓની પાછળ આ ભાવના હશે તો જ આપણે પાપ–પુણ્યથી પર થઈશું. આત્મા તો પાપથીયે દૂર છે ને પુણ્યથી યે ઘણો દૂર છે. બેઉનો પાર પામ્યે જ છુટકો.

તત્ત્વાર્થસૂત્રે અશુભ યોગને પાપ ગણાવ્યું છે. આ અશુભ યોગ કેવી રીતે ટળે? બર્ટ્રાન્ડ રસેલ "Sense of sin" "પાપવૃત્તિ" નામના પ્રકરણમાં આનો ઉપાય બતાવે છે. તે મહાન ફિલસુફ લખે છે કે અશુભ યોગ ટાળવા માટેનો ઉપાય વિચારશક્તિ છે. "Rationality" છે. આપણે માનીએ છીએ કે બુદ્ધિથી હૃદયની ઊંડી ને ઉમદા લાગણીઓનો ઘાત થાય છે. આનું કારણ બુદ્ધિ વિષેની ગેરસમજ છે. ખરી રીતે તો બુદ્ધિ એટલે કે સચેત વિચારશક્તિ દ્વારા દુર્વાસનાઓ ને અશુભ વૃત્તિઓનું તેજ હણી શકાય છે, તેઓનું બળ ઓછું કરી શકાય છે. અશુભયોગની અશુભતા વિચારશક્તિથી હણી શકાય છે. પણ એ વિચારશક્તિ સચેત જોઈએ. એ વિચાર જીવતો–તેજસ્વી–જોઈએ. Creative thought જોઈએ. વિચારશક્તિનું ધ્યેય આંતરવિકાસ હોય ત્યારે વિચાર સચેત થાય છે. વિચારશક્તિ સાથે વિકાસની ભાવના ભળવી જોઈએ. આ વિકાસની ભાવનાને બર્નાડ શૉ Erolutionary appetite ઉત્ક્રાંતિની ભૂખ કહે છે. શૉની આવી ઉત્ક્રાંતિની ભૂખ વગરની વિચારશક્તિ સચેત નહિ પણ નિર્જીવ હોય છે. તેથી કેવળ તર્કશીલ હોય છે. કેવળ તર્કશીલ વિચારશક્તિથી અશુભ યોગની અશુભતા ટળતી નથી. રવિન્દ્રનાથ ટાગોર સાચું લખે છે કે—"A mind all logic is knife all blade-it bleeds the hand that uses it." અર્થ—કેવળ તર્કશીલ માનસ તે હાથા વગરના ચપ્પુ જેવું છે–જે હાથ તેને વાપરે છે તેમાંથી લોહી નીકળે છે, નિર્જીવ વિચારોથી કાંઈ નહીં થાય. સચેત Creative વિચારશક્તિથી અશુભયોગની અશુભતા ટળશે ને પાપ જીતાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમરાઇચ્ચ કહા

[ પરિચય ]

લેખક :– પૂજ્ય પં. શ્રી. ધુરંધરવિજયજી

ચૌદસો ચુંમાલીસ ગ્રન્થના કર્તા શ્રી. હરિભદ્રસૂરિજી મ. ની કલમથી લખાયેલી 'શ્રીસમરાદિત્યકથા' કથાગ્રન્થોમાં અપૂર્વ અને અજોડ સ્થાન ધરાવે છે. શ્રી હરિભદ્રસૂરિજી મ. જેટલું સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતા હતા તેટલું જ કે તેથી પણ વિશેષ પ્રભુત્વ પ્રાકૃત ભાષા ઉપર ધરાવતા હતા. તેઓશ્રીને આગમ અને ન્યાય (દાર્શનિક) વિષયોનું અગાધ જ્ઞાન હતું એ તેમના તે તે ગ્રન્થો જોતાં સ્પષ્ટ જણાય છે. પણ સાહિત્યના વિષયમાં તેમનો અગાધ તલસ્પર્શી પ્રવેશ હતો તેનું ભાન તો 'સમરાઇચ્ચ કહા' કરાવે છે. 'અનેકાંતજયપતાકા' જેવા કર્કશ તર્કગ્રન્થ ગૂંથનારા આવું પ્રસન્ન અને રસમય સર્જન કરે શકે છે એ ખ્યાલ સમરાઇચ્ચ કહા જોતાં આવે છે.

આ કથાની ઉત્પત્તિનો સામાન્ય ઇતિહાસ એવો છે કે પૂ. આ. શ્રી. હરિભદ્રસૂરિજી મ. ના બે ભાણેજો હંસ અને પરમહંસ નામના હતા, તેઓને દીક્ષા આપ્યા બાદ બૌદ્ધ દર્શનનાં રહસ્યભૂત તત્ત્વો જાણવા માટે બૌદ્ધો પાસે મોકલ્યા. વખત જતાં વાત ખુલ્લી પડી ગઈ કે આ બન્ને જણ આપણાં રહસ્યો જાણવા માટે આવ્યા છે. બન્ને જણા ત્યાંથી નાસી છૂટયા, બૌદ્ધો પાછળ પડ્યા. છેવટે બન્નેનું અકાળે અવસાન થયું. આ હકીકત આચાર્યશ્રીના જાણવામાં આવતાં તેમને પારાવાર ક્રોધ વ્યાપી ગયો ને બધા બૌદ્ધોને એક સાથે કડાઈમાં કડકડતા તેલમાં તળી નાખવાનો સંકલ્પ કર્યો. આ સંકલ્પની આચાર્યશ્રીના ગુરુજીને જાણ થતાં તેમણે સમરાદિત્ય ચરિત્રના વિપાકને સમજાવતી કેટલીક ગાથાઓ લખી મોકલી. તે વિચારતાં આચાર્યશ્રીનો ક્રોધ શમી ગયો. પોતાના સંકલ્પ માટે તેઓશ્રી પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને તેના પ્રાયશ્ચિત્ત તરીકે ૧૪૪૪ ગ્રન્થની રચના કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. પોતાના આત્મઘાતક વિચારોને શમન કરનારી આ કથા તેઓશ્રીના જીવનની એક મુખ્ય-ઘટના બની ગઈ અને સાહિત્ય સૃષ્ટિમાં શિરોમણિભાવને ધારણ કરતી આ કથાસૃષ્ટિમાં પ્રકટ થઈ. શિષ્યોનો વિરહ થયો–તે પ્રસંગને અનુલક્ષી ગ્રન્થને અંતે 'વિરહ' એવું પદ પ્રાય: ત્યાર પછી રચાયેલા તેઓશ્રીના ગ્રન્થમાં મળે છે. આ 'સમરાઇચ્ચ કહા'ને અંતે પણ એ પદ આ પ્રમાણે છે.

जं विरइऊण पुण्णं, महाणुभावचरियं मए पत्तं ॥
तेण इहं भवविरहो, होउ सया भवियलोयस्स ॥

આ કથા લગભગ દસહજાર શ્લોક પ્રમાણ છે: સંક્ષેપમાં કથા વસ્તુ આ પ્રમાણે છે.

પ્રારંભમાં મંગલાદિ કરીને કથાના પ્રકારોનું સુન્દર સ્વરૂપ વર્ણવ્યું છે. સુન્દર પીઠિકા રચીને કથાનો અવતાર કર્યો છે. પીઠિકાજો–આ કથાની બીજભૂત ત્રણ ગાથાઓ કે જે પ્રાચીન છે. તે આપી છે. તે નીચે પ્રમાણે છે.

गुणसेण-अग्गिसम्मा, सीहाऽऽणैन्दाय तह पियाउत्ता ॥
सिहि-जालिणि माइ-सुया, धण धणसिरितिमोय पइ-भज्जा ॥
जयॆ-विजया य सहोयर, धरणो लच्छीय तह पईभज्जा ॥
सेणॆ-विसेणा पित्तिय-उत्ता जम्मम्मि सत्तमए ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुणचंदवाणमंतर, समराइच्चं गिरिसेणपाणो उ ॥
एक्कस्स तओ मोक्खो, बीयस्स अणन्तसंसारो ॥

આ નવ ભવનું વિસ્તારથી વર્ણન કરીને કથા નવ વિભાગમાં વહેંચાયેલી છે. એક એક વિભાગમાં એક ભવનું વર્ણન આવે છે.

પ્રથમભવ—ગુણસેન રાજપુત્ર છે અને અગ્નિશર્મા પુરોહિતપુત્ર છે. શરીરે અને સ્વભાવે વિચિત્ર પુરોહિતપુત્ર સર્વનું ઉપહાસપાત્ર છે. સંસારથી કંટાળીને તે તાપસ બને છે ને રાજપુત્ર રાજા થાય છે. ભવ્ય તપસ્વી તાપસના આશ્રમમાં એકદા રાજા જઈ ચડે છે અને સર્વનો પરિચય મેળવતાં અગ્નિશર્માનો પણ પરિચય મેળવે છે. મહિનાને પારણે મહિનાના ઉપવાસનું તપ તપતા અગ્નિશર્માને જોઈ રાજાનું હૃદય ભક્તિથી આર્દ્ર બને છે ને તેમાં પણ એક જગ્યાએથી જ મળે તે જ વાપરવું. ન મળે ને ફેરો ખાલી જાય તો આગળ મહિનાના ઉપવાસ ચાલુ કરવા. આ સાંભળી રાજા ખૂબ જ ચકિત થાય છે. પોતાને પારણાનો લાભ આપવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરીને રાજા પોતાને આવાસે આવે છે. પારણે અગ્નિશર્મા રાજાને ત્યાં જાય છે, દિવસોથી ઝંખતો રાજા તે જ દિવસે અવર્ણનીય માથાની વેદનાથી પીડાય છે—સર્વ પરિવાર રાજાની પરિચર્યામાં પડ્યો છે. અગ્નિશર્મા થોડો સમય રોકાઈને ચાલ્યો જાય છે. સ્વસ્થ થયા પછી રાજા તપાસ કરે છે ને ખૂબ જ ખિન્ન થાય છે. આશ્રમે જઈને મનાવે છે ને આવતું પારણું પોતાને ત્યાં થાય એવું નક્કી કરીને આવે છે. બીજા પારણાને જ દિવસે રાજાને ત્યાં રાણીને પુત્રજન્મ થાય છે ને તે વ્યવસાયમાં પડેલો બધો પરિવાર આવેલા અગ્નિશર્માની સંભાળ લેતો નથી. પારણાનો દિવસ ચાલ્યો ગયો, તપસ્વી આવીને પાછા ફર્યાની રાજાને જાણ થતાં તેના પશ્ચાત્તાપનો પાર રહેતો નથી. ફરીથી આશ્રમે જાય છે. પારાવાર પ્રયત્ને અગ્નિશર્માને મનાવીને ત્રીજી વખતનું પારણું પોતાને ત્યાં કરવાનું નક્કી કરીને આવે છે. ભવિતવ્યતાને બળે ત્રીજી વખત પારણાને જ દિવસે ક્ષણ ક્ષણની કાળજી રાખવા છતાં રાજાના નગર ઉપર શત્રુ ચડી આવે છે તેની સામે યુદ્ધ કરવા રાજાને જવું પડે છે. આવ્યા એવા તપસી પાછા ફરે છે. અહીંથી બાજી બગડે છે. વેરનું બીજ અગ્નિશર્માના આત્મામાં વવાય છે. પોતાના ભૂતકાળને યાદ કરતો અગ્નિશર્મા રાજા પ્રત્યે ખૂબ જ ક્રોધે ભરાય છે ને ભવોભવ હું આ વેરનો બદલો લઉં એવા સંકલ્પપૂર્વક યાવજ્જીવ આહારનો ત્યાગ કરે છે. રાજા અને તાપસ વર્ગ એમને ખૂબ સમજાવે છે પણ હવે કાંઈ વળતું નથી. રાજા પ્રશમ ભાવ ધારણ કરીને આત્માને વાળે છે. પોતાના વર્તન માટે તેને ઘણું જ લાગી આવે છે. આ પ્રથમ ભવથી જ બન્ને માર્ગો જુદા પડી જાય છે. એક પ્રશમ ભાવમાં આગળ વધે છે ને અન્ય વિષમ ભાવમાં પ્રગતિ સાધતો જાય છે.

આ વિભાગમાં શ્રીવિજયસેન આચાર્ય મહારાજનું કથાનક સુન્દર વૈરાગ્યજનક આવે છે.

આશ્રમો કેવા હોય, તાપસો કેવા હોય તેનું હૃદયંગમ વર્ણન પણ વિશિષ્ટ રીતે અહીં આપ્યું છે. સમ્યક્ત્વથી આરંભીને શ્રાવકધર્મ સાધુધર્મ યાવત્ ક્ષપકશ્રેણિથી માંડીને કેવળજ્ઞાન પ્રાપ્તિ સુધીનું યથાક્રમ વર્ણન ગુરુમહારાજના ઉપદેશમાં છે.

ભાષાપ્રવાહ એકસરખો આકર્ષક છે. આગળ આગળ વાંચવાનું મન થયા જ કરે. છેવટે ગુણસેને ભાવેલી ભાવના ઘણી જ અસરકારક છે. આરાધના માટે ઉપયોગી છે. એ રીતે પ્રથમ ભવ પૂર્ણ થાય છે.

[ અપૂર્ણ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન શોધનના સોપાન સંબંધી જૈન તેમજ અજૈન મંતવ્યો

લેખક :—પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ,

[ ગતાંકથી પૂર્ણ ]

**બૌદ્ધ** સાહિત્યમાં—એના પિટક નામના મૌલિક શાસ્ત્રોમાં આત્મવિકાસનું વર્ણન જોવાય છે. એમાં વ્યક્તિની નીચે મુજબ છ સ્થિતિઓ ગણાવાઈ છેઃ—(૧) અંધપુથુજ્જન, (૨) કલ્યાણપુથુજ્જન (૩) સોતાપન્ન (૪) સકદાગામી, (૫) ઔપપાતિક અને (૬) અરિહા.

પુથુજ્જન એટલે સામાન્ય મનુષ્ય. એને સંસ્કૃતમાં 'પૃથગ્-જન' કહે છે. **મજ્ઝિમનિકાય** (મૂળ પરિયાય, સુત્તવણ્ણના) માં પુથુજ્જનના અંધ-પુથુજ્જન અને કલ્યાણ-પુથુજ્જન એમ બે પ્રકારો દર્શાવાયા છે. આ બંને પ્રકારના સામાન્ય પુરુષમાં સંયોજના અર્થાત્ બંધન તો દસે છે, પરંતુ એ બેમાં ભેદ એ છે કે અંધ-પુથુજ્જન આર્યદર્શનથી રહિત છે—એને સત્સંગ થયો નથી, જ્યારે બીજાને એ લાભ મળેલો છે. તેમ છતાં આ બંને મોક્ષમાર્ગથી તો પરાઙ્મુખ હોય છે.

મોક્ષમાર્ગને પ્રાપ્ત થયેલી વ્યક્તિઓના ચાર પ્રકાર છે :(૧) સોતાપન્ન, (૨) સકદાગામી, (૩) ઔપપાતિક અને (૪) અરિહા.

જેણે દસ સંયોજના પૈકી ત્રણનો નાશ કર્યો હોય તેને 'સોતાપન્ન' કહે છે.

જેણે ત્રણ સંયોજનાનો નાશ કરી ત્યાર બાદની બેને શિથિલ બનાવી હોય તેને 'સકદાગામી' કહે છે.

જેણે આ પાંચે સંયોજનાનો નાશ કર્યો હોય તેને 'ઔપપાતિક' કહે છે.

જેણે દસે સંયોજનાનો નાશ કર્યો હોય તેને 'અરહા' (સં. અર્હત્) કહે છે.

સોતાપન્ન વધારેમાં વધારે સાત વાર મનુષ્ય-લોકમાં અવતરે છે. ત્યારબાદ એ અવશ્ય નિર્વાણ પામે છે.

'સકદાગામી' એક જ વાર મનુષ્યલોકમાં અવતરે છે. ત્યાર બાદ એ નિર્વાણ પામે છે.

'ઔપપાતિક' તો બ્રહ્મલોકમાંથી જ નિર્વાણ પામે છે.

'અરહા' તે જ સ્થિતિમાંથી નિર્વાણ પામે છે. વ્યક્તિની અંધપુથુજ્જન ઇત્યાદિ જે છ સ્થિતિઓ ઉપર ગણાવાઈ છે તેમાંની પહેલી સ્થિતિ એ આધ્યાત્મિક અવિકાસનો કાળ છે. બીજી સ્થિતિમાં વિકાસ કરતાં અવિકાસની માત્રા વધારે છે. એ પણ અવિકાસ કાળ છે.

ત્રીજી સ્થિતિથી છઠ્ઠી સુધીની સ્થિતિમાં વિકાસમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે અને છઠ્ઠી સ્થિતિમાં એ પરાકાષ્ટાએ પહોંચે છે. આમ આ ત્રીજીથી છઠ્ઠી સુધીની ચાર સ્થિતિઓ વિકાસ-કાળ છે.

છ સ્થિતિઓ પછી નિર્વાણ-કાળ છે.

[ ૭ ]

**મજ્ઝિમનિકાયના** 'સામઞ્ઞ-ફલસુત્ત' નામના પ્રકરણમાં 'આજીવિક' દર્શનની આધ્યાત્મિક ભૂમિકાઓ-પાયરીઓ તરીકે નીચે મુજબ આઠ ગણાવાઈ છેઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) મંદ, (૨) ખિડ્ડા, (૩) પદવીમંસા, (૪) ઉજુગત, (૫) સેખ, (૬) સમણ, (૭) જિન અને (૮) પન્ન.

આ બૌદ્ધ ગ્રંથ ઉપર બુદ્ધઘોષે 'સુમંગલવિલાસિની' નામની ટીકા રચી છે. તેમાં એમણે ઉપર્યુક્ત આ પાયરીઓનું સ્વરૂપ નીચે પ્રમાણે દર્શાવ્યું છે:

(૧) જન્મ દિવસથી માંડીને સાત દિવસ સુધી, ગર્ભ નિષ્ક્રમણને લઈને ઉત્પન્ન થયેલા દુઃખને લીધે પ્રાણી જે સ્થિતિમાં રહે છે તેને 'મંદા કહે છે.

(૨) દુર્ગતિમાંથી આવેલું બાળક એ દુર્ગતિને યાદ કરી અને વિલાપ કરે છે અને સુગતિમાં આવેલું બાળક એ સુગતિમાં ભોગવેલ સુખ વગેરેનું કરી હસે છે. આ સ્થિતિ તે 'ખિડ્ડા' ( સં. ક્રીડા ) છે.

(૩) માતાપિતાના હાથ કે પગ પકડીને અથવા તો ખાટલો કે બાજઠ ઝાલીને બાળક જમીન ઉપર પગ માંડે એ સ્થિતિને 'પદ-વીમંસા ( સં. પદ-વિમર્ષા ) કહે છે.

(૪) જે સ્થિતિમાં પગથી સ્વતંત્ર ચાલવાનું બળ પેદા થાય છે. તેને 'ઉજુગત ) કહે છે.

(૫) શિલ્પ-કળા શીખવા જેવી સ્થિતિના વખતને 'સેખ' ( સં. શૈક્ષ) કહે છે.

(૬) ઘરનો ત્યાગ કરી સંન્યાસ લેવા જેવી સ્થિતિના વખતને 'સમણ' (સં. શ્રમણ) કહે છે.

(૭) આચાર્યની સેવા કરી જ્ઞાન મેળવવાની સ્થિતિના વખતને 'જિન' કહે છે.

(૮) પ્રાજ્ઞ બનેલા ભિક્ષુની અર્થાત્ જિનની કંઈ પણ બોલે નહિ એવી નિર્લોભ સ્થિતિ તેને 'પન્ન' (સં. પ્રાજ્ઞ ) કહે છે.

ડૉ. હર્નલે 'ઉવાસગદસા'ના અંગ્રેજી અનુવાદ ( ભા. પૃ. ૨૭૫)માં ઉપર પ્રમાણે બુદ્ધઘોષના વિચારો રજૂ કર્યા છે. ખરા, પરંતુ બુદ્ધઘોષના આ વિચારો આધ્યાત્મિક વિકાસ સાથે બંધબેસતા આવે એવા જણાતા નથી. એ તો બાળકના જન્મ સમયથી એના યૌવન કાળનું વ્યાવહારિક ચિત્ર આલેખે છે.

'ઉપર્યુક્ત આઠ સ્થિતિઓનો સંબંધ જન્મ સાથે શો હોઈ શકે? ખરી રીતે તો એ સ્થિતિઓ એ અજ્ઞાન અને જ્ઞાન સાથે સંળગ હોવી જોઈએ. એ બેની પ્રબળતા અને પુષ્ટિ સાથે આ આઠ સ્થિતિઓ સંકળાયેલી હોવી જોઈએ. આમ પં. સુખલાલજીએ જે મત દર્શાવ્યો છે[1] તે ઉચિત જણાય છે.

'મંદ' વગેરે પહેલી ત્રણ સ્થિતિઓ અવિકાસ-કાળની છે અને બાકીની પાંચ વિકાસ-કાળની છે ત્યારબાદ મોક્ષ-કાળ હોવો જોઈએ.

[ ૯ ]

આ પ્રમાણે જૈન, આજીવિક, વૈદિક અને બૌદ્ધ દર્શનો પ્રમાણે આધ્યાત્મિક વિકાસની ભૂમિકાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ મેં રજૂ કર્યું છે. એમાં અવિકાસ-કાળ અને વિકાસ-કાળ અંગે ભારતીય દર્શનોના વિચારો ઉપસ્થિત કરાયા છે. તે અહીં કોષ્ઠકરૂપે હું દર્શાવું છું કે જેથી એનો એકસામટો અને તુલનાત્મક ખ્યાલ આવી શકે:—

[ જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૫૪ ]

---

૧ જુઓ આધ્યાત્મિક વિકાસક્રમ ( પૃ. ૧૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीकुशललाभ कृत

# संघपति सोमजी संघ

## चैत्यपरिपाटीका ऐतिहासिक सार

लेखक :-श्रीयुत भंवरलालजी नाहटा

**श्रीजिनचंद्रसूरिजी** तीर्थयात्राके हेतु विचरते हुए गुजरात पधारे। पाटणमें खरतर-गच्छकी ख्याति प्रगट कर खंभातमें श्रीस्तंभन पार्श्वनाथकी यात्रा की। वहांसे राजनगर पधारे, श्रावकोंने विधिपूर्वक जिनचंद्रसूरिको वंदन किया। सूरिमहाराजने शत्रुंजय गिरिराजका विस्तृत व्याख्यान किया जिसे सुन कर श्रावकोंके चित्तमें शत्रुंजय-यात्राकी तीव्राभिलाषा हुई। गुरु महाराजके सम्मुख शत्रुंजय यात्राका विचार हो रहा था। प्राग्वाटवंशीय दोसी जोगीनाथाके सुपुत्र द्वय-सोमजी,-शिवाने गुरुदेवसे संघ निकालेनका स्वमनोरथ करबद्ध होकर निवेदित किया। देश विदेशमें कुंकुमपत्रिकाएं भेज दी गई।

मालवा, बीकानेर, सीरोही, सूरत, पाटण, राधनपुर, खंभात, जेसलमेर, जालोर और गुजरातादिका संघ एकत्र होकर मिला। सं. १६४४ मिती माघ शुक्ला १० रविवारके दिन संघने प्रयाण किया। सबसे आगे आचार्यप्रवर श्रीजिनचंद्रसूरिजी थे, पीछे संघपतिकी पालखी और दोनों तरफ दो पुत्र थे, बहुतसे वाजित्र बज रहे थे। समस्त संघ सरखेजइ आया। देहरासरमें उभयकाल पूजा धर्मसाधना व दानपुण्य किया जाता था। ८४ गच्छका साधुसमुदाय यात्राके हेतु प्रेमपूर्वक आकर मिला। संघके साथ ७८० सिजवाले, २२० वहिलीयें, ३५० ऊंट व बहुतसी गाडियां थीं। भाट-भोजक सुयश बखानते थे। खरतरगच्छके ११२ साधु, ३३० महात्मा और २२० ऋषि और २५ आचार्य भिन्न गच्छोंके साधु–साध्वियें भी थी। बहुतसे श्रावक श्राविकाएं छरी पाळते हुए चलते थे। संघकी रक्षाके लिए २०० राजपूत घुड़सवार, २३२ बन्दूकधारी योद्धा आगे पीछे और उभय पक्षमें चल रहे थे। चार कोशकी लंबाईमें संघ चलता हुआ क्रमशः धोलका आया। संघका संगठन इस प्रकार था कि उसमें कहीं भी चोर प्रवेश नहीं कर पाता था। क्रमशः धंधूका पहुंचे। सं० सोमजीके ज्येष्ठ पुत्र श्र.रतनजी संघकी रक्षाके लिए फौजके साथ रातभर चौकीदारी करते थे। साधुओंको भावपूर्वक वहराया जाता था। ठहरनेके लिए तम्बू–डेरा तंगोटी व प्रकाशके लिए दीपक–चिराग आदिका पूरा प्रबंध था।

धंधूकासे सारा संघ खमीधाणइ आया। शकुनीने अपने ज्ञानसे आगे युद्धकी संभावना बतलाई। संघपतिने दो दिन यहां ठहरनेका निश्चय कर सबको आगे जानेसे निषेध कर

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दिया। बीकानेरी श्रावक रुकनेके कथनको अमान्य कर सीरोहीवालोंको साथ लेकर चुपचाप रवाना हो गये। ये लोग ३ कोश ही गये होंगे कि मुगल व काबुली लोगों द्वारा मार्ग रोक लिया गया। इधर संघके लोग आगे युद्ध लग जानेकी बातसे अज्ञात थे। खमीधाणाके रणक्षेत्रमें पांच मुगल भ्राताओंकी फौजसे भिड़त हुई। साहसिक[3] शिरोमणि संघवी नाथाके नेतृत्वमें बीकानेरके वणिक योद्धा वीरतापूर्वक भालोंसे युद्ध करने लगे। सारा संघ भयसे कांपते हुए इस संकटकालीन अवस्थामें दादा गुरुको याद करने लगे। संघका उपकार करनेके हेतु दादासाहब श्री जिनदत्तसूरिजीने अजमेरसे आकर सानिध्य की। सद् गुरुने लालची मुगलोंकी मति फिरा दी, ऐसा चमत्कार हुआ कि संघ निरुपद्रव हो गया। गुरुदेवका सर्वत्र जयजयकार हुआ।

बीकानेरी संघने द्रव्य भी बचाया व मुगलोंको भी हरा दिया। सारी सामग्री देवकरणके हाथ थी। साह भीतका पुत्र वितम बुद्धिशाली था। साह रांका, मांडण भंडारी आदि बीकानेरके बड़े बड़े अधिकारी थे। वहांसे समस्त संघके साथ प्रयाण किया।

यह विशाल यात्रीसंघ तीर्थाधिराज शत्रुजयके निकट पहुंचा। हर्षित चित्तसे ऋषभदेव-प्रभुके गुणगान करते हुए गिरिराजको मोतियोंसे वधाया। पालीताणा पहुंच कर ललित सरोवरके पास संघने उतारा किया। दीवाण–राजासे मिल कर, मनवांछित द्रव्य भेट कर एक मासके लिए शत्रुंजय कर–मुक्त करवाया। सारा संघ वाजिंत्र ध्वनिसे आकाशमंडलको गुंजायमान करता हुआ गिरिराजकी यात्राके हेतु अग्रसर हुआ। वडलीकी पाजसे चढे, पहिले धवली परब, कलिकुण्ड पार्श्वनाथ, मार्गमें तलाईको दाहिने छोडकर कवड़ यक्षके आगेसे गढके प्रतोलीद्वारमें प्रवेश किया। गजारूढ मरुदेवी माता, पांच प्रासाद, अर्बुद (अद्भुत–विशाल) आदीश्वरके दर्शन कर अनुपमसरके ऊपरकी पोलि जहांसे उभय पक्षमें प्रासाद पंक्तियांथी–दर्शन करते हुए तीर्थनायक ऋषभदेवके दरबारमें पहुंचे। खरतरगच्छाधीश्वर श्रीजिनचंद्रसूरिजी आदि सबने परमेश्वरको वंदन किया। संघपतिके हर्षका पारावार न रहा, उसने सूर्यकुण्डमें स्नान कर उत्सवपूर्वक सतरहभेदी पूजा की, सारंगधर श्रावक विधिके जानकार थे। रायणवृक्षके नीचे आदीश्वरके चरण, पुण्डरीक गणधर, भरत बाहुबलि मुनिसुव्रत-प्रभु, विहरमान मंदिर, वस्तुपाल–तेजपाल प्रासादमें वंदनपूजन कर खरतरवसही प्रासादमें आये। जिसके बहुतसे शिखर और प्रतिमाऐं थी, सत्तरिसय जिनेश्वर, चार चउरी, नंदाश्वर द्वीप इत्यादि विराजमान थे, देवविमानके सदृश यह उत्तुंग प्रासाद था। प्रतोलीद्वार पर वाघणिदेवीका स्थान, वट वृक्षके नीचे नागमोरदेव अदबुदके ऊपर खोडायारि प्रासादके दर्शन किये। वहां अमृतकी तरह मीठे जलका अनुपम कुण्ड था।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तीर्थके पश्चिमकी ओर उलखाझोलि, चेलण तलाई देख कर उतरते हुए उत्तरकी ओर सिद्धवड, जलवापी और जिनभुवनको नमस्कार कर १२ कोशकी प्रदक्षिणा दी। शत्रुंजयनदी इन्द्रसुता है, भगवंतने इस तीर्थको उत्तम बतलाया है क्योंकि यहां अनंत सिद्ध हुए। इस प्रकार २१ दिनों तक यात्रा करके मनोरथ सफळ किया। ८४ गच्छके मुनिराजोंको आदरपूर्वक सन्तुष्ट किये। चैत्र सुदि ५ को बड़ी पूजा की गई और संघके सम्मुख इन्द्रमाला पहिनी।

इस अवसर पर जूनागढके स्वामी अमीखान अभिमानमें आकर प्रबल सेना एकत्र करके पालीतानाके चारों ओर ( घेरा डाला ? ) पर पुण्यके बलसे सब संकट दूर हुआ....

कवि कुशललाभ कृत चैत्यपरिपाटी गा० ७५ तक आकर अपूर्ण रह जाती है, आगेका वर्णन तो पूर्ण प्रति मिलने पर ही संभव है। इसी संघके सहयात्री कवि गुणविनय कृत बीकानेर संघकी चैत्यपरिपाटी उपलब्ध है जिससे ज्ञात होता है शत्रुंजय जाते हुए बीकानेरका संघ भी धवलकामें सामिल हुआ था। चैत्र वदि ५ के दिन गिरिराज पर संघने चढकर यात्रा की और वदि ८ के दिन सतरह भेदी पूजा हुई। वापस आते समय बीकानेरका संघ भी अहमदाबाद आया था।

उपर्युक्त चैत्यपरिपाटी-संघ यात्रा-वर्णनमें कुछ महत्त्वपूर्ण बातोंका पता चलता है। खमीधाणेमें मुगलोंसे बीकानेरके नवाबादिके साथ युद्ध होनेकी घटना बडी रोमांचक है। उस समय इतने उपद्रव स्थान स्थान पर होते थे फिर भी लोगोंमें धार्मिक भक्तिभावना कितनी प्रबल थी! इसीसे सब सिद्धि होती थी। अंतमें अमीखानके उपद्रवका उल्लेख हुआ है। आगेका वर्णन अपूर्ण रह गया है।

यदि किसी सज्जनको इसकी दूसरी पूरी प्रति प्राप्त हो तो हमें अवश्य सूचित करें, यही सादर अनुरोध है।

[ અનુસંધાન ટાઈટલ પેજ ત્રીજાથી ચાલુ ]

૬. ગોમટેશ્વરની મૂર્તિ
૭. ચામુંડરાય બસ્તી
૮. શ્રીપાર્શ્વનાથ બસ્તી
૯. શિમોગા જિલ્લાનું મેલાગીની અંતર્ગત બ્રહ્મદેવના સ્તૂપની સ.થે જૈન બસ્તી.

આ ૭૧ નં. નો ૧૯૫૧ નો એક્ટ પણ સને ૧૯૦૪ ના પ્રાચીન સ્મારક સંરક્ષણ અધિનિયમ અનુસાર બનાવવામાં આવ્યો. છે. આ બધાં મંદિરોને કેંદ્રીય સરકારે પોતાના અધિકારમાં લઈને તેને રાષ્ટ્રીય ઈમારતો રૂપે ઓળખવાની ઘોષણા કરી છે.

આપણા મૂળભૂત હક્કો માટે જૈનોએ શું કરવું જોઈએ એ વિશે શ્રીયુત મોહનલાલ ચોકસીએ આ માસિકના ગતાંકમાં અને આ અંકમાં કેંદ્રસ્થ સંસ્થાની જરૂરિયાત વિશે જે સૂચના કરી છે તે તરફ જૈનોએ પોતાનું ધ્યાન દોરવું જોઈએ એમ અમારું માનવું છે. સંપાદક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સને ૧૯૫૧ નો નેશનલ મોન્યુમેન્ટ્સ્ એક્ટ ૭૧

[ કેન્દ્રીય સરકાર જૈનોના કેટલાં મંદિરો પર અધિકાર કરશે ]

**સને** ૧૯૫૧ ના નેશનલ મોન્યુમેન્ટ્સ્ એક્ટ ૭૧ મુજબ કેંદ્રીય સરકારે તે તે રાજ્યોની સ્મારક વસ્તુઓ જે ભારત સરકારના અધિકારમાં નહોતી, તે પ્રાચીન અવશેષો, પુરાતાત્ત્વિક ઐતિહાસિક કળાપૂર્ણ સ્થાનોને સંરક્ષણને માટે પોતાના અધિકારમાં લીધાં છે. હૈદ્રાબાદનાં ૨૨, મધ્યભારતનાં ૧૨૭, મૈસૂર રાજ્યનાં ૧૦૮, પતિયાળા અને પૂર્વ પંજાબનાં ૨, રાજસ્થાન પ્રાંતનાં ૭૭, અને સૌરાષ્ટ્રનાં ૨૪ સ્થાનો જે જુદા જુદા ધર્માવલંબીઓનાં ભક્તિ–પૂજાનાં સ્થાનો છે તેના ઉપર અધિકાર કરી લીધો છે. આ સ્થાનો પૈકી જૈનોનાં સ્થાનો આ પ્રકારે છેઃ–

**સૌરાષ્ટ્ર**

૧. તળાજાનું જૈન મંદિર
૨. ગિરનાર પર્વત પરનું નેમિનાથ મંદિર
૩. શત્રુંજય પર્વત પરનાં જૈન મંદિરો—
(૧) શ્રી આદીશ્વરજીનું મંદિર
(૨) શ્રી બાલાભાઈનું મંદિર
(૩) શ્રી ભૂલસાનીનું મંદિર
(૪) શ્રી ચૌમુખજીનું મંદિર
(૫) શ્રી દલપતભાઈ ભગુભાઈ શિલાલેખ
(૬) કેશવજી નાયકનું મંદિર
(૭) મોતીશાહની ટૂંકનું મંદિર
(૮) નંદીશ્વર દ્વીપનું મંદિર
(૯) પાંચ પાંડવોનું મંદિર

**રાજસ્થાનમાં**

૧. બિકાનેરનું ભાંડાસર જૈન મંદિર
૨. બિકાનેરનો પાલૂનો શિલાલેખ
૩. ડુંગરપુર જિલ્લાના બડોદાનું હાથ કામગીરીથી ચિત્રિત જૈન મંદિર
૪ જયપુર જિલ્લાનું સવાઈ માધોપુરનું જૈન મંદિર

**મધ્યભારતમાં**

૧. ગ્વાલિયરના કિલ્લામાં પહાડમાંથી કોરી કાઢેલી જૈન મૂર્તિઓ
૨. ખરગૌન જિલ્લાનાં ૩ મંદિરો
૩. ગુણા જિલ્લાનાં બુધીચંદજીનાં ૫ મંદિરો
૪. ભિલ્સા જિલ્લામાં બડોહનું જૈન મંદિર

**મૈસૂર રાજયમાં**

૧. હાસન જિલ્લાના હલેબીડની અંતર્ગત શ્રી આદિનાથ બસ્તી
૨. શ્રીપાર્શ્વનાથ બસ્તી
૩. શ્રીશાંતિનાથ બસ્તી
૪. શ્રવણ બેલગોલાની અંતર્ગત અક્કન બસ્તી
૫ ચંદ્રગુપ્ત બસ્તી

[ જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૭૨ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

# શ્રી જૈન સત્ય પ્રકાશ

## અંગે સૂચના

### યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૭ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો અંગેની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.

For Private And Personal Use Only